॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ડિસેમ્બર ૨૦૧૨
રૂ. ૫/૦૦



દિવાળીના દિવસે ૨૫૦૦૦ દિવડાથી ઝગમગતું ભુજ મંદિર

# અન્નકૂટ દર્શન



માંડવી મંદિર



પ્રસાદી મંદિર, ભુજ



અંજાર મંદિર





માંડવી મંદિરના નવા ઉત્તારનું ઉદ્‌ગાટન કરતા મહંત સ્વામી સાથે સંતો તેમજ દિવાળીના દિવસે રંગોડી તથા દિપોત્સવ





સુખપર સંસ્કૃત પાઠશાળામાં દશાબ્દી પારાયણ નિમિત્તે આચાર્ય મહારાજનું સન્માન તથા યજ્ઞાની પૂર્ણાહુતી





યુ.કે. બોલ્ટન મંદિરમાં પારાયણના યજમાનશ્રી તથા કથા શ્રવણ કરતા ભક્ત સમુદાય

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- *અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.*
- *પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.*


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૨૦૧

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૧, અંક - ૧૧ - નવેમ્બર - ૨૦૧૨
સળંગ અંક - ૩૨૪

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

ભુજના પ્રસાદી મંદિરે નાથજી મંડળ તરફથી અગાઉ કથા પારાયણ યોજવામાં આવેલ. કથા સમાપ્તિ પ્રસંગે તે સમયના પ.પૂ. ધ. ધુ.આચાર્ય મહારાજ શ્રી અને વર્તમાન પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે આશીર્વાદ પ્રવચનમાં જણાવેલું કે ''હરિભકતોને 'દેશ વિભાગ'ના લેખની જાણકારી હોવી જોઈએ.''

આ લેખમાં અમદાવાદ શ્રી નરનારાયણ દેવની તથા વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવની ગાદી તેમ જ તે દરેક દેશની ગાદીના આચાર્યપદના સ્થાપનની વિગતો આપવામાં આવી છે.

શ્રીજી મહારાજ પ્રગટરૂપે હતા ત્યારે તેમનો વિરોધ, નિંદા કરનાર વર્ગ હતો તેમ આજે પણ વિશેષમાં દેશ વિભાગ અને ધર્મવંશી ગૃહસ્થની આચાર્યપદે સ્થાપનાની નિંદા વિરોધ કરનાર વર્ગ અસ્તિત્વ ધરાવે છે.

આ વર્ગમાંથી એવો પ્રશ્ન ઉઠાવવામાં આવે છે કે સંપ્રદાયના બે વિભાગ શા માટે કરવામાં આવ્યાં ? વળી આવા પ્રશ્ન પછી એવી દલીલ કરવામાં આવે છે કે શ્રીજી મહારાજે પોતાના બે ભાઈઓના પરિવારને લાભ આપવા વાસ્તે આ વ્યવસ્થા કરી. ત્યાગી વર્ગમાંથી આચાર્ય સ્થાપન કેમ ન કર્યુ ? આવા વાંધાવચકા ઊભા કરનારામાં અજાણ નિર્દોષ જેનો અને ઈરાદાપૂર્વક પ્રશ્નો ઉઠાવનાર મત્સર ભર્યા કપટી વિરોધીજનો પણ હોય છે. આ અંગે શ્રીજી મહારાજની અંતર્ગત ભાવના, દેશ વિભાગનો લેખ તેમજ સંપ્રદાયના ઈતિહાસ પરથી સચોટ જવાબ દ્વારા, સાચી સમજ આપી શકાય.

ખરું જોતાં સંપ્રદાયના બે વિભાગ પાડયા નથી, પરંતુ વિશાળ વ્યાપ અને ત્યાગી તેમજ ગૃહસ્થ હરિભકતોની વિશાળ સંખ્યા ધરાવતા સંપ્રદાયની વહીવટી સરળતા અને ધર્મ પ્રચારની સરળતા માટે પાડવામાં આવેલા બે વહીવટી વિભાગ છે. સર મોવીયર વિલિયમ્સ અને હેનરી જર્યોજ બીઝની ઐતિહાસિક નોંધ પ્રમાણે અને ૫ લાખ ગૃહસ્થ કુટુંબો હતા. આદિ શંકરાચાર્યે પણ આ પ્રમાણે દેશમાં ૪ મઠ સ્થાપી દરેક મઠના પ.પૂ. સંન્યાસી સ્થાપિત કર્યા હતા, શ્રી વિઠ્ઠલનાજીએ દેશના ૭ વિભાગ કરી ૭ પુત્રોને વલ્લભ બાળ વૈષ્ણવાચાર્ય તરીકે પ્રતિષ્ઠીત કર્યા હતા. એ પણ આ કારણસર જ અને સંપ્રદાયની પવિત્રતા જળવાય તે માટે.

સ.ગુ. રામાનંદ સ્વામીએ જ ગૃહસ્થાશ્રમી ધર્મદેવને મુમુક્ષુઓને દીક્ષા આપી શિષ્ય બનાવવાનો અધિકાર આપ્યો હતો. એટલે ખરું જોતાં સહજાનંદ સ્વામીએ સંપ્રદાયની ધર્મધુરા સંભાળવા પરંપરાને ધોરણે ધર્મવંશી આચાર્યને સ્થાપિત કરી પોતાનો ગૂઢ સંકલ્પ સિદ્ધ કર્યો છે. ત્યાગીને સ્ત્રી અને ધનના સંસર્ગથી મુકત રહેવાનું હોય છે. સંપ્રદાયના આચાર્યપદે રહેલા ત્યાગીનો ધર્મ સચવાય નહીં. વળી સહજાનંદ સ્વામીને બે ભાઈઓને આર્થિક લાભ આપવાનો કોઈ સંકલ્પ ન હતો. બે ભાઈઓના આઠ પુત્રો હતા. જો બે ભાઈઓના પરિવારને લાભ આપવો હોત તો દેશના ૮ વિભાગ કરી દરેક પુત્રને આચાર્યપદે સ્થાપિત કર્યા હોત. શ્રીહરિએ બેભાઈઓના એક, એક પુત્રની ગુણવતાને ધોરણે જ પસંદગી કરેલી છે.

દેશ વિભાગના લેખથી આચાર્યશ્રીના નિયમ, હક, ફરજ, ગૃહસ્થ પાર્ષદ બ્રહ્મચારી, સાધુ વગેરેને દીક્ષા, નવા આચાર્યની નિયુકિત, આચાર્યશ્રીના અર્થ વ્યવહારની વ્યવસ્થા તેમજ અન્ય ઉપયોગી માહિતી સમજી શકાય છે. જેમ કે મૂર્તિ પ્રતિષ્ઠાનો અધિકાર માત્ર આચાર્ય ને જ છે. તેઓશ્રી આ અધિકાર બીજાને આપી શકે નહીં. બહેનોને દીક્ષા આપવા પ.પૂ. ગાદીવાળાં ને મળતા આચાર્ય મહારાજના સ્થાપન સામે થયેલી કોર્ટની કાર્યવાહીમાં વિદ્વાન ન્યાયાધીશ આર. નાઈટે શ્રીજી મહારાજે ધર્મવંશી ગૃહસ્થાશ્રમની આચાર્યપદે કરેલી સ્થાપનાની તરફેણમાં ચુકાદો આપેલો છે. અપીલમાં પ્રિવી કાઉન્સીલે એ ચુકાદો માન્ય રાખ્યો છે અને આજે કોર્ટમાં એ ચુકાદો માન્ય રાખવામાં આવે છે.

સંપ્રદાયના શાસ્ત્ર ગ્રંથો, નંદ સંતોના કીર્તન કાવ્યો પણ દેશ વિભાગના લેખનો નોંધ લેવામાં આવેલી છે પ.પૂ. મોટા મહારાજશ્રીએ કરેલ સૂચનનું મહત્ત્વ વિચારપૂર્વક સમજીએ. અને અત્યારે ચાલતી સત્સંગને પાડવાની પ્રવૃત્તિથી બચી વડતાલ–અમદાવાદ દેશ ની ગાદી ઉપર બેઠેલ આચાર્યને વર્તમાન સંપ્રદાયના આચાર્ય સ્વીકારી સત્સંગની દિવ્યતાને આગળ વધારીયે.



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

લેખાંક-૧૫

વેદોપબૃંહણ રૂપ બ્રાહ્મણ ગ્રન્થ યુગ

**લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી**



બ્રાહ્મણ ગ્રન્થમાં પ્રતિપાદ્ય વિષય અને મહત્ત્વ બ્રહ્મણ ગ્રન્થોમાં વેદોની વ્યાખ્યાત્મક, ભાષાત્મક તથા નિરુક્તિ-વિષયક વાક્ય ગ્રથિત છે. જગતની સૃષ્ટિ અને ભગવદીય જ્ઞાન સંબન્ધી વિષયની પુષ્ટિ માટે આમાં અનેક ધાર્મિક કથાઓ અને દાર્શનિક વિચાર કરવામાં આવ્યો છે. વેદ પછી યજ્ઞીય અનુષ્ઠાન માટે પ્રાચીનતમ ગ્રન્થ છે તેથી ધર્મના ઇતિહાસમાં વિદ્યાર્થીઓ માટે સાધારણ અને પ્રાચીન કર્મકાંડના વિદ્યાર્થીઓ માટે વિશેષપણે તેનું મહત્વ છે. આ ગ્રન્થોમાં અનેક કથાઓનું વિશેષ મહત્વ છે. ભાષાત્મક વિકાસ, પ્રાચીન યજ્ઞીય અનુષ્ઠાન, દાર્શનીક સિદ્ધાન્ત, પ્રાચીનતમ પરમ્પરાઓ જોવા મળે છે. ભાષા અને સમ્યાતાના ઇતિહાસ માટે ઘણુ મહત્વ છે પરન્તુ જેમ કાદવમાં સૂવર્ણ ઢંકાઇ જાય તેમ આ ગ્રન્થો આજે છૂપાઇ ગયા છે.

**બ્રાહ્મણ- ગ્રન્થોનો વિષય :** ચારે વેદોના પ્રત્યેક બ્રાહ્મણ ગ્રન્થ છે. તેથી પ્રત્યેક બ્રાહ્મણ ગ્રન્થનો વિષય ભિન્ન ભિન્ન છે. ઋગ્વેદના બ્રાહ્મણ ગ્રન્થોનો ઉદ્દેશ ઋગ્ મંત્રોના હોતાના કર્તવ્યની વ્યાખ્યા બતાવેલ છે. ઋગ્વેદમાં આપેલ સૂક્તોના ક્રમને યાજ્ઞિય વિધાનને અનુરુપ ક્રમમાં બતાવે છે. યજુર્વેદના બ્રાહ્મણ ગ્રન્થનો ઉદ્દેશ્ય અર્ધ્વયુ ના કર્તવ્યોની વ્યાખ્યા કરે છે. આ બ્રાહ્મણ ગ્રન્થો પોત પોતાના વેદમાં આપેલ મન્ત્રોના ક્રમનું પાલન કરે છે. કારણ કે તેનો ક્રમ પહેલેથી જ યજ્ઞિક વિધાનને અનુસારે છે. સામવેદના બ્રાહ્મણ ગ્રન્થોનો ઉદ્દેશ "સામ મન્ત્રો" ના 'ઉદ્ગાતા' ના કર્તવ્યની વ્યાખ્યા કરે છે. આ વેદના બ્રાહ્મણ ગ્રન્થોમાં અલગ અલગ મન્ત્રોની વ્યાખ્યાનો પ્રાય: અભાવ દેખાય છે. પરન્તુ યજુર્વેદના બ્રાહ્મણ ગ્રન્થમાં પ્રાય: બધા મન્ત્ર પર વ્યાખ્યા જોવા મળે છે.

**બ્રાહ્મણ ગ્રન્થોનો વિકાસ :** બ્રાહ્મણ યુગ મેં બ્રાહ્મણ ગ્રન્થનું વિશેષ મહત્વ રહ્યુ અને મનુષ્યો તેનો અભ્યાસ કરી વેદજ્ઞાનને સમજવા લાગ્યા. બ્રાહ્મણ ગ્રન્થના આદિ ભાગને 'શ્રુતિ' કહેવાયો પરન્તુ કાલાન્તરે બ્રાહ્મણ ગ્રન્થના અન્તિમ ભાગને આરણ્યક કહેવાયો, કારણ કે વનોના એકાન્તમાં અધ્યયન કરવા યોગ્ય હોવાથી તેને આરણ્ય કહેવાયા. ક્રમશ આરણ્યના પૂર્વ ભાગને શ્રુતિ કહેવાયા અને અન્તિમ ભાગ દાર્શનિક હોવાથી તેને ઉપનિષદ્ કહેવાયા.

**ઋગ્વેદના બ્રાહ્મણ ગ્રન્થો :** ઐતરેય બ્રાહ્મણ અને કૌષીતકી બ્રાહ્મણ આ ઋગ્વેદ સંબન્ધી છે. ઐતરેય બ્રાહ્મણમાં ૪૦ અધ્યાયો છે અને કૌષીતકીમાં ૩૦ અધ્યાયો છે.

**સામવેદના બ્રાહ્મણ ગ્રન્થો :** કૌથમી શાખાનો કોઇ બ્રાહ્મણ ગ્રન્થ નથી પરન્તુ તાણ્ડિન્ અને તવલકાર શાખાઓના બ્રાહ્મણ ગ્રન્થો જોવા મળે છે. પંચવિંશ બ્રાહ્મણ અને ષડ્વિંશ તાણ્ડવ શાખાના છે. તવલકાર બ્રાહ્મણ તવલકાર શાખાના છે. તવલકાર બ્રાહ્મણના પાંચ અધ્યાયો છે.

શુક્લ યજુર્વેદના બ્રાહ્મણ ગ્રન્થો : વાજસનેયી સંહિતાના પ્રસિદ્ધ બ્રાહ્મણ ગ્રન્થ શતપથ બ્રાહ્મણ છે જે માધ્યન્દિન અને કાણ્વ આ બે સંસ્કરણોમાં પ્રાપ્ત છે. તેવું તેના નામથી સ્પષ્ટ થાય છે. તેમાં ૧૦૦ અધ્યાય છે. માધ્યન્દિન સંસ્કરણમાં ૧૪ ભાગ છે. અને બીજામાં ૧૭ છે.

**કૃષ્ણ યજુર્વેદ બ્રાહ્મણ ગ્રન્થ :** તૈત્તિરીય બ્રાહ્મણ. આ સૌથી પ્રાચીનતમ ગ્રન્થ છે.

**અથર્વવેદના બ્રાહ્મણ ગ્રન્થ :** આ વેદનો ગૌપથ બ્રાહ્મણ ગ્રન્થ છે. આમાં બે કાંડ છે પ્રથમ કાંડમાં પાંચ પ્રપાઠક છે અને દ્વિતીય કાંડમાં છ પ્રપાઠક છે.

## બ્રાહ્મણ ગ્રન્થોનો વિશેષ પરિચય

**ઐતરેય-બ્રાહ્મણ :** ઋગ્વેદીય બ્રાહ્મણોમાં સર્વપ્રથમ ઐતરીય બ્રાહ્મણ ગ્રન્થ છે. તેમના રચયિતા ઋષિ મહિદાસ ઐતરેય માનવામાં આવે છે. ઐતરેય બ્રાહ્મણની લેખન શૈલી સંહિતાકાળની ભાષા થી બિલકુલ મળતી આવે છે.

**ઐતરેય :** મુખ્ય પણે સોમયાગમાં થનાર હૌત્રકર્મની વ્યાખ્યા અને વિવેચન કરનારા ચાલીસ અધ્યાયો છે. તેના પ્રત્યેક પાંચ અધ્યાયો મળીને એક પંચિકા કહે છે. અને પ્રત્યેક અધ્યાયમાં કણ્ડિકાઓ છે. આ પ્રમાણે સમગ્ર ઐતરેયમાં ૪૦ અધ્યાય, ૮ પંચિકા તથા ૨૮૫ કણ્ડિકાઓ છે.

ધાર્મિક દૃષ્ટિએ ઐતરેયનો વિચારવિમર્શ આપણને નવીન તથા પ્રામાણિક તથ્યોનું જ્ઞાન કરાવે છે. તેનું અનુશીલન બતાવે છે કે આ બ્રાહ્મણ યુગમાં વેદોમાં બતાવેલ વિષ્ણુ ઉપાસના આ બ્રાહ્મણ યુગમાં કેવી રીતે વિષ્ણુનો મહિમા વૈદિક સમાજમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કરી રહ્યો હતો. શુનઃશેપની કથાને કારણે આ બ્રાહ્મણ વૈદિક ગ્રન્થોમાં ચિરસ્મરણીય રહેલ છે. શિનઃશેપ ઋગ્વેદના ઋષિ છે. તથા પ્રથમ મણ્ડલના અનેક સૂક્તોના દ્રષ્ટા છે. શુનઃશેપની કથા અતિ કરુણોપાદક હોવાથી સાહિત્ય દૃષ્ટિએ વાંચવા યોગ્ય છે.

રાજા હરિશ્ચન્દ્રનો વરુળની દયાથી રોહિત નામનો એક પુત્ર પ્રાપ્ત થાય છે. તેને રાજા હરિશ્ચન્દ્ર બલિ દેવા ઇચ્છતો હતો. રોહિત મોટો થતાં તે જંગલમાં ચાલ્યો જાય છે. આ બાજુ પિતા ઉદર-વ્યાધિ થી પિડાવા લાગે છે. પિતાના આવા સમાચાર મળતા તે રોહિત જંગલમાંથી પાછો ઘરે આવે છે. પરન્તુ ઇન્દ્ર તેને પાછો આવતા અટકાવે છે. છતાં પણ રોહિત ઘરે આવી જાય છે. પરન્તુ રોહિત 'અજીગર્ત સૌવચસિ' નામના બ્રાહ્મણથકી તેમનો વચટ પુત્ર શુનઃશેપને ગાયોની દક્ષિણા આપીને ખરીદી લે છે. વરુણના યજ્ઞમાં પિતા જ પોતાના પુત્રની બલિ આપવા માટે દક્ષિણા લઇને તૈયાર થઇ જાય છે. પરન્તુ અનેક દેવતાઓની અભ્યર્થના બળથી પુત્રનો પ્રાણ બચી જાય છે. ત્યાર પછી વિશ્વામિત્ર તેને પૌષ્ય પુત્ર બનાવી લે છે.

ઐતરેયની આ કથાવસ્તુ સો ઋચાઓમાં વર્ણિત છે.'ऋक्-शतगाथं शौनःशेपमाख्यानम्' આ કથાને આપેલ વચનનુ પાલન કરીને પોતાના સત્યસન્ધ હોવાની વાત સ્પષ્ટતઃ પ્રામાણિત કરે છે. રોહિતને ઘરે પાછા આવવા માટે રોકીને 'चरैवेति चरौवेति' ની જે સુન્દર શિક્ષા આપી છે. તે આર્ય જાતિના અભ્યુદયનો સ્થભ છે. કર્મની દૃઢ ઉપાસના જ આર્ય સંસ્કૃતિનો મેરુદંડ છે. આર્ય-ધર્મ કર્મણ્યતાનો પક્ષધર છે અને અકર્મણ્યતા નો પ્રતિદ્વન્દ્વી છે.

ક્રમશઃ

### તા. ૫-૧૨-૧૨ થી તા. ૪-૧-૧૩ સુધી કચ્છમાં કથા પારાયણો

તા. ૫-૧૨-૨૦૧૨, કારતક વદ ૬, બુધવારથી ૩ દિવસ, બળદીયા સ્વામિનારાયણ મંદિર
તા. ૮-૧૨-૨૦૧૨, કારતક વદ ૯, શનિવારથી ૫ દિવસ, સુખપર
તા. ૯-૧૨-૨૦૧૨, કારતક વદ ૧૧, રવિવારથી ૫ દિવસ, નારાણપર ની.વા. સ્વા. મંદિરે
તા. ૧૧-૧૨-૨૦૧૨, કારતક વદ ૧૩, મંગળવારથી ૫ દિવસ, ભચાઉ - સ્વા.ના. મંદિર
તા. ૧૨-૧૨-૨૦૧૨, કારતક વદ ૧૪, બુધવારથી ૫ દિવસ, માંડવી - વાડીવિસ્તાર
તા. ૧૩-૧૨-૨૦૧૨, કારતક વદ ૩૦, ગુરુવારથી ૫ દિવસ, બળદીયા નીચલોવાસ
તા. ૧૭-૧૨-૨૦૧૨, માગશર સુદ ૫, સોમવારથી ૫ દિવસ, ફોટડી
તા. ૧૭-૧૨-૨૦૧૨, માગશર સુદ ૫, સોમવારથી ૫ દિવસ, નારણપર નીચલોવાસ
તા. ૧૯-૧૨-૨૦૧૨, માગશર સુદ ૭, સોમવારથી ૫ દિવસ, સુખપર
તા. ૨૨-૧૨-૨૦૧૨, માગશર સુદ ૧૦, શનિવારથી ૫ દિવસ, નારણપર નીચલોવાસ
તા. ૨૨-૧૨-૨૦૧૨, માગશર સુદ ૧૦, શનિવારથી ૫ દિવસ, ભકિતનગર
તા. ૨૪-૧૨-૨૦૧૨, માગશર સુદ ૧૨, સોમવારથી ૫ દિવસ, સુખપર
તા. ૨૬-૧૨-૨૦૧૨, માગશર સુદ ૧૩, બુધવારથી ૫ દિવસ, રામપર-નવોવાસ
તા. ૨૮-૧૨-૨૦૧૨, માગશર સુદ ૧૫, શુક્રવારથી ૫ દિવસ, સુખપર
તા. ૩૧-૧૨-૨૦૧૨, માગશર વદ ૩, સોમવારથી ૫ દિવસ, મિરઝાપર
તા. ૨-૧૨-૨૦૧૩, માગશર વદ ૫, બુધવારથી ૫ દિવસ, બળદીયા નીચલોવાસ
તા. ૪-૧૨-૨૦૧૩, માગશર વદ ૭, શુક્રવારથી ૫ દિવસ, રામપર-જૂનોવાસ

# સૌ ચાલો મારી સાથે

– હિમ્મત કે. ઠક્કર, 'રઘુવંશી'



શ્રી સહજાનંદ સ્વામી મહારાજે શિક્ષાપત્રીના ચોથા શ્લોકમાં ક્રમબદ્ધ સૌનો સંગાથ વર્ણવ્યો છે.

''અમારા મુકુદાનંદ આદિ નૈષ્ઠિક બ્રહ્મચારીઓ અને મયારામ ભટ્ટ આદિ ગૃહસ્થો જે મારા આશ્રિત છે'' તેઓ જયારે શિક્ષાપત્રી લખાઈ તે સમયે શ્રી સહજાનંદ સ્વામી સાથે સતત રહેનારા નૈષ્ઠિક બ્રહ્મચારીઓ અને ગૃહસ્થોનાં સમુચ્ચય વાચક શબ્દોને 'આદિ' શબ્દ જોડીને, તે કાળથી અંનતકાળ સુધીના સમયમાં અસીમ બનાવાયા છે.

ઉદ્ધવ સંપ્રદાયની ધૂરા ધારનારા શ્રી સહજાનંદ સ્વામી મહારાજે ધર્મના બંધારણને સદા સર્વદા માટે વ્યાપકતાવાળું જ બનાવી દીધું છે...! આથી પાછળથી કોઈ સુધારા-વધારા કરવા કરાવવાની જરૂર જ ન રહે-મતલબ 'નૈષ્ઠિક બ્રહ્મચારીઓ' અને 'ગૃહસ્થો' માટે સદા-સર્વદા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દ્વાર ખુલ્લાં જ રાખ્યાં છે.

અબૂધ અટવાય નહીં ને બુદ્ધિમાન તૃપ્ત થાય તે માટે વ્યાકરણની દષ્ટિએ શબ્દ કે પદને અર્થ દ્વિ-અર્થ, ગૂઢઅર્થ ઈત્યાદિ હોય છે જે તેની દિશા અને વ્યાપને સુનિશ્ચિત કરે છે. આ સૌને સમજાય અને તેવી સમજણ દઢ બને તે માટે શ્લોક-૪ મા ના નૈષ્ઠિક બ્રહ્મચારીઓ અને ગૃહસ્થો શબ્દોમાં ઊંડા ઊતરવા જેવું છે.

નૈષ્ઠિકા : એટલે કે જે ઉત્ક્રાંતિકાળ તરફ લઈ જાય તે. મિતાક્ષરાના આચારાધ્યાયમાં નૈષ્ઠિકમાં શબ્દ સ્ફૂટ કરાયેલ છે જે બતાવે છે કે, જન્મથી મરણ પર્યંત ઉર્ધ્વરેતા હોય તે.

બ્રહ્મચારિણં એટલે કે - બ્રહ્મ કહેતાં વેદ, તપ કે જ્ઞાનને અવશ્ય કરીને પ્રાપ્ત કરે તેને બ્રહ્મચારી કહેતાં પ્રથમ આશ્રમ વાળો. વળી, જેમણે બ્રહ્મચર્ય વ્રત લીધું હોય તે પણ બ્રહ્મચારી છે. કુર્મપુરાણનું કથન છે. કર્મ, મન વાણીથી સર્વે અવસ્થાઓમાં સર્વદા, સર્વ ઠેકાણે મૈથુનના ત્યાગને બ્રહ્મચર્ય કહે છે.

એક છેડે જ્ઞાન, બીજે છેડે માનવ અને ત્રીજે છેડે વિજ્ઞાન નામના ત્રિકોણમાં માનવ ઉત્ક્રાંત થતાં થતાં જ્ઞાનની ચરમસીચાઓ ઓળંગી સર્વ જ્ઞાન પ્રદાતા પરમાત્મા સુધી પહોંચવા ઉદ્યત થયો છે ત્યારે ભૌતિક વિણાને માનવ માટે સુખ ભોગનાં ભ્રમિત કરતા અગણિત દ્વાર ખોલી બેઠું છે. સુખ લોલુપ માનવની ગતિ-પ્રગતિમાં તે રૂકાવટ ઊભી કરે છે. પરિણામે - નૈષ્ઠિક બ્રહ્મચર્ય શબ્દો સંપૂર્ણ પણ ભૂંસાઈ જવાના ખતરામાંથી પસાર થઈ રહ્યા છે.

માનવ સુખ-સંપતિ-સંતતી મેળવવાની અદમ્ય લાલસામાં વિજ્ઞાનના માયાવી ખતરનાક ખેલનો પ્યાદો બની આત્મા અને પરમાત્માના શાશ્વત સુખથી વંચિત થઈ રહ્યો છે. આવા સર્વનાશકારી ખેલથી માનવને સાવધાન કરી સમજણ આપી અંતે ઊગારવા શિક્ષાપત્રી અને સ્વામિનારાયણ સંપ્રદાયે પણ માયા સામે ઝઝૂમવા જે સમર્પિત સત્સંગી ઈચ્છે તેમના માટે પ્રયત્નશીલ છે.

યાદ રાખો શ્રી સહજાનંદ સ્વામી મહારાજે તેમના બે દિવ્ય સંતોની અગ્રિમતામાં સૌને સાવધાન કર્યા છે.

વળી, ગૃહસ્થાશ્રમ અને કામતૃપ્તિ તો જુગલ બંધી વાળા છે. તોયે, ગૃહસ્થાશ્રમમાં રહીને પણ જે દિવ્ય ભકત મયારામ ભટ્ટનું નામ પરમાત્માએ આપીને સૌ સત્સંગીઓને પણ આ બે અગ્રગામી આશ્રિતો જેવા થવા દિશા-નિર્દેશ પણ કરાવેલ છે.

સહજાનંદ સ્વામીની છત્રછાયામાં
ત્રિ-તાપ કનડે ! શા ગજાં ?
ઊઠો-દોડો એલાને જંગ છેડો !
તો ષડક્ષરી મંત્રનાં વાગે વાજાં...!!

# ઐવા વિરલા કો'ક



**અતુલ બી. પોથીવાલા, મેમનગર–અમદાવાદ**

નમતે પહોરે સૌ બાજરીનાં ડૂંડા વીણતા હતા. એટલામાં મહારાજે લક્ષ્મીવાડીએ જવાની ઇચ્છા કરી. એ સાંભળી રતનજી અને મિયાંજી તરત જ ઊભા થઈ ગયા અને દોડતાં લક્ષ્મીવાડીએ ગયા. મહારાજ માટે બેઠક તૈયાર કરી અને મહારાજની ઘોડી લઈ આવ્યા. શ્રીહરિ ઘોડી ઉપર બેસી લક્ષ્મીવાડીએ પધાર્યા. મહારાજની પાછળ પાછળ સંતો અને હરિભકતો પણ ઊભા થઈને ચાલવા લાગ્યા.

ડૂંડા અને કડબનું કામ તો જયાંનું ત્યાં રહી ગયું એ તો થઈ રહેશે. આપણે જ એ કામ કરવાનું છે, તે આજે કરીશું કે કાલે, બધું સરખું જ છે ને ? પરંતુ મહારાજની સાથે વાડીએ જવાનો લહાવો તો મૂર્ખ હોય તે જ જતો કરે ! આવી ચર્ચા પરસ્પર ચાલતી હતી. આખો દરબારગઢ ખાલી થઈ ગયો. બસ, ચારેય કોર બાજરીનાં ડૂંડા અને કડબ રહી ગયાં!

લક્ષ્મીવાડીએ સભા ભરાઈ. કોણ કોણ આવ્યા છે એ જોઈને મહારાજે પહેલો જ પ્રશ્ન સૌને પૂછયો. ઘરના ધણી અહીં આવ્યાં છે ? એ તો અહીં શેના હોય ? મહારાજનો આવો નવાઈ ભર્યો પ્રશ્ન સાંભળીને સૌ વિચારમાં પડી ગયા.

મહારાજ કોની વાત કરતા હશે ! ધણીના ધણી તો સ્વયં આપણી સન્મુખ બિરાજયા છે, પછી ઘરના નવા ધણી વળી કોણ હશે, કોઈને કાંઈ ગમ ન પડી ત્યારે સુરા ખાચરે મહારાજને પૂછયું, મહારાજ ! તમે ઘરના ધણી વિષે પૂછયું તે કોણ ? અહીં હોવા જોઈએ ને તેમ છતાં નજરે પડતા નથી ? મહારાજે સામો વેધક સવાલ કર્યો.

એ વખતે રતનજી અને મિયાંજી દરબારમાં રોકાયેલા હતા. કડબ અને ડૂંડા જુદા જુદા કરી ઠેકાણે ગોઠવતા હતા. પછી આખો ચોક વાળીને સાફ કર્યો અને પાથરણાં પાથરી દીધાં. મહારાજનો ઢોલિયો ઢાળી ઉપર ગાદી તકિયા ગોઠવ્યાં. આ બધું કામ કરતાં સંધ્યા ટાણું થયું એટલે દીવાબતી કરવા માંડયા.

એટલામાં શ્રીજીમહારાજ લક્ષ્મીવાડીએથી પાછા ફર્યા. મહારાજની પાછળ પાછળ ગયેલા સંતો અને હરિભકતો પણ એમની સાથે પાછા દરબારમાં આવ્યા. ઘોડીએથી નીચે ઉતરતાંની સાથે મહારાજે સ્નાન કરીને સુરાખાચરને પાસે બોલાવ્યા અને સૌ સાંભળે એમ એમણે સમજાવ્યું જુઓ, ઘરના ધણી આ રહ્યા. આ રતનજી અને મિયાંજીએ અહીં પાછળ રહીને બધું ઠેકાણે પાડયું અને આગળની તૈયારી કરી. કોઈએ એમને-આમ કરજો કે તેમ કરજો એમ કહ્યું નથી. મનથી જ પોતાનું કામ સમજીને એ કરતા રહ્યાં છે.

શ્રીજી મહારાજે એ રાત્રિએ, સભામાં રતનજી અને મિયાંજીને પાસે બોલાવી હાર પહેરાવયા પછી સભામાં શ્રીહરિએ સૌને સમજાવ્યું.

ભકિતની રીત તો ઘણી છે. કોઈ પુત્રભાવે, કોઈ સંતાનભાવે, કોઈ સખારૂપે તો કોઈ પતિવ્રતાની રીતે ભકિત કરે, એમ સૌ પોતપોતાની પ્રકૃતિ અનુસાર ભકિત કરે છે પરંતુ આપણે તો સ્વામી-સેવકની રીતે ભક્તિ રાખવી છે. પણ એનું રહસ્ય શું ? તો જે અનન્ય સેવક હશે તે એના સ્વામીનું નિરંતર ચિંતવન કર્યા કરે અને પોતાને ભૂલી જશે., એવો હોય તેને સેવક શું જાણવો, એ તો સ્વયં ઘરનો ધણી જ છે. ત્રિભુવનમાં જયાં જયાં અમારા એકાંતિક ભકત હશે તે અમારાથી તસુ માત્ર દૂર નથી. એવા અનન્ય ભકતમાંથી અમારું સ્વરૂપ નિરખવું, એમને સત્સંગના ધણી સમજવા. સત્સંગ તો કરીએ છીએ, પરંતુ રતનજી મિયાંજીની જેમ સત્સંગના ધણી બનીને સત્સંગમાં રહીએ તો એ ભકિતનો આનંદ કંઈક જુદો જ હોય છે.

સૌને થયું કે આ જગતમાં એવો તે કયો ધણી હશે જે પોતાના સેવકને આટલા ઊંચા સ્થાને મૂકશે ? પોતાની તુલ્ય સમજશે અને સમજાવશે ? એ ધણી તો એક અને માત્ર એક એવા સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ.

# જવેર ભકત

સંકલન : રમણીક ગોર, ભુજ



વાચકમિત્રો ! ધર્મનું જે પાલન કરે છે તેનું ધર્મ રક્ષણ કરે છે. અહીં આપણે ભગવાનના પરમ અને નિષ્ઠાવાન ભકતની વાત કરવી છે.

ગામ કોટેશ્વરમાં જવેરભાઈ નામે ભકત રહે. જવેરભાઈને નાનપણમાં સત્સંગનો રંગ લાગ્યો એટલે કુસંગ કડવો થયો. ગામ આખામાં જવેરભાઈ એક જ સત્સંગી. શ્રીજી મહારાજની મૂર્તિ જીવ સાથે જોડીને દઢ ભજન કરે. ગામ આખું કુસંગી તેથી બધા ભેળા મળી જવેર ભકતને ખોટી અદાવત કરે અને ખોટી આળ નાખે પણ જવેરભાઈ તો પોતાના ભજન ભકિતમાં લીન રહે. કોઈની વાત જરા પણ ગણકારે નહીં. છતાં પણ ગામના કુસંગી લોકો ભેગા મળીને એકવાર જવેરભાઈ પાસે આવી ને કહ્યું તમે એક બાપ મૂકીને બીજો બાપ કર્યો તેથી તને પાપ લાગ્યું છે, તમારો સત્સંગ ખોટો છે તમે ઠાલા કુલાયા કરો છો. જો તમે સાચા હો તો કાંઈક પરચો આપો.

ત્યારે જવેરભાઈ કહે ભાઈ ! તમે માનો કે ન માનો પણ મને સ્વામિનારાયણનો વિશ્વાસ છે. મારા ભગવાન મારી વિનંતી સાંભળીને તમે જે પરચો માંગશો તે મારા ભગવાન તમને આપશે. ત્યારે બધા કુસંગી ભેળા મળીને કહે જે આ ડેરા ઉપર ચડીને તું હેઠો પડ ને જો તું જીવતો રહે તો તું સાચો, તારો સત્સંગ સાચો અને તારા સ્વામિનારાયણ સાચા, આવા કુસંગીના વચનો સાંભળીને જવેરભકત ડેરા ઉપર ચડયા ને ત્યાંથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્મરણ કરતાં કરતાં પોતાના શરીરને પડતું મેલ્યું. ત્યારે કુસંગીઓ જાણયું જે ડેરા ઉપરથી પડવાથી મૃત્યુ પામી જશે કાં તો હાડકા ભાંગશે એટલે સત્સંગ મુકી દેશે. પણ જેને સ્વામિનારાયણના રખોપા હોય તેને દુનિયા શું કરી શકવાની તે ન્યાયે શ્રીજી મહારાજે પોતાના ભકતનું વચન રાખવા અને સત્સંગનો વિસ્તાર કરવા જવેરભકતની રક્ષા કરી જે જવેરભકતને શરીરે કયાંય લસરકો પણ ન થયો. આ પરચો જોઈને ગામવાળા બધા જવેરભાઈને કહે તમે સાચા અને તમારો સત્સંગ પણ સાચો જેના માટે તમારા ભગવાન તમારી રક્ષા કરી તે જોઈને અમને પરચો મળી ગયો.

માટે મિત્રો, આપણે પણ સત્સંગને આવો દઢ નિશ્ચયી થઈને પાળશું તો ભગવાન શ્રીહરિ આપણી પણ સર્વ પ્રકારે, સર્વે દુઃખોથી અને હાલના સમય પ્રમાણે સર્વે કુસંગથી આપણી રક્ષા કરશે.

---

# સત્સંગમાં ગાઢ પ્રીતિ કેમ નથી થાતી

વચનામૃત ગ.પ્ર.પ્ર.૧

- શીવજી નાથા ભુવા કેરા

કેટલાક ભકતો ઘણા સમયથી સત્સંગ કરે છે તો પણ પોતાના દેહ-દેહના સંબંધીમા ગાઢ પ્રીત (હેત) છે તેવી સત્સંગમાં ગાઢ પ્રીત (હેત) નથી થાતી તેનું શું કારણ છે આવો સવાલ ગઢપુરમાં શ્રીજી મહારાજને હરજી ઠક્કરે પૂછયો છે.

તેના જવાબમાં મહારાજ કહે છે.

એને ભગવાનનું માહાત્મ્ય જાણવામાં આવ્યું નથી. જે સાધુના સંગમાં રહીને ભગવાનનું

પૂરેપુરું માહત્મ્ય સમજવામાં આવે છે તે સાધુ જયારે પોતાના સ્વભાવ (અયોગ્ય) ઉપરવાળા કરે છે ત્યારે તે સ્વભાવ મુકી નથી સકતો અને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે. તે પાપે કરીને તેને સત્સંગમાં ગાઢ પ્રીતિ નથી થાતી કેમ જે અન્ય સ્થળમાં જે પાપ કર્યા હોય તે પાપ સંતના સંગમાં રહીને જાય છે. પણ સંતને વિષે જે પાપ કર્યા હોય તે પાપ સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતા નથી એમ શાસ્ત્રોમાં કહ્યું છે. (સ્કંદ પુરાણ) તે માટે સંતનો અવગુણ જો ન લે તો એને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાય છે.

## શ્રીહરિનું નામ

શ્રીકૃષ્ણ માધવ, શ્રી ઘનશ્યામ
એજ ખરું ગુણકારી નામ
ભવસાગરનાં ફેરા ટળે
સત્સંગ કરતાં, શ્રીહરિ મળે
છોડી દે તું હજારો કામ
હરિ પહોંચાડે અક્ષરધામ
સંત સમાગમ કરજે સદા
હરિમાં રાખજે મનડું સદા
અંત સમય કંઈ કામ ન આવે
સગા-વહાલા સૌ છેટા ભાગે
સંસાર માયા, જુઠા-નરનાર,
મોહ માયાને છોડી દે
જીવન નિજનું સુધારી લે
અલ્પ હવે હરિ શરણે જા
સત્સંગ સાગરમાં નહાતો થા.

- મુકુન્દ કે. મહેતા, 'અલ્પ'

## સમુહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

વિશેષમાં લખવાનું કે, શ્રી ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા સં.૨૦૬૯, ફાગણ વદ-૮, બુધવાર, તા.૩-૪-૨૦૧૩ થી ફાગણ વદ -૧૪, મંગળવાર, તા.૯-૪-૨૦૧૩ સુધી ૭ (સાત) દિવસ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, તો આપ સર્વેને જણાવવાનું કે, આપના પરિવારમાં કોઈને પણ પોતાના પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે સર્વ પિતૃઓના મોક્ષાર્થે અથવા કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં કે, આપના જીવના કલ્યાણ અર્થે પોથી બેસાડવી હોય તો નામની નોંધણી ચાલુ છે. જેના એક પોથીના રૂ.૧૫,૦૦૦/- છે અને કંકોત્રીમાં નામ પણ લખાશે.

# ઉપનિષદ્‌નું આચમન

લેખન–૧

– ડૉ. શાસ્ત્રી દેવવલ્લભદાસજી

**વિષય પ્રવેશ :**

શ્રી સ્વામિનારાયણ ભગવાને (શિક્ષાપત્રી શ્લોક–૩,૯૪,૯૫)માં આઠ સત્શાસ્ત્રોને માન્ય રાખ્યા છે.તેમાં વેદ અગ્રસ્થાને છે. તેથી કહી શકાય કે વેદ અને અન્ય શાસ્ત્રો વચ્ચે જે બાબતમાં વિરોધ ઊભો થાય અર્થાત્‌ વૈદિક સિદ્ધાંતો સાથે અન્ય શાસ્ત્રવચનોનો વિરોધ કે વિસંગતતા આવે ત્યારે વેદ વચનને પ્રાધાન્ય આપવું. એટલે કે વેદ વચન માન્ય રાખવું.

વેદ એ હિંદુ ધર્મશાસ્ત્રો અને ધર્મ સંપ્રદાયોની ગંગોત્રી છે. માટે વૈદિક વિચારધારાને હિંદુ ધર્મના દરેક ધર્માચાર્યોએ માન્ય રાખી છે.વેદએ કોઇ સાંપ્રદાયિક ગ્રંથ નથી, પરંતુ હિંદુ ધર્મના દરેક ધર્મસંપ્રદાયની આધારશીલા છે. એટલુ જ નહીં, વિશ્વના વિદ્યમાન ધર્મસંપ્રદાયોના પાયાના સિદ્ધાંતો અને માન્યતાઓની સમજ પણ વેદમાં જોવા મળે છે. તેથી કહી શકાય કે વેદ એ માત્ર હિંદુઓ માટે જ નહીં, પણ જગતના દરેક ધર્મસંપ્રદાયના અનુયાયીઓ માટેનો એક આદરણીય ગ્રંથ છે.

વેદ એ આર્ષદૃષ્ટા મહર્ષિઓને થયેલી પરમતત્વની ઝાંખીને અપાયેલ શબ્દદેહ છે. તેથી વેદનો કોઇ રચયિતા નથી. વેદ વાણી અપૌરુષેય છે. મહર્ષિ વેદવ્યાસજીએ વેદના ઋગ, યજુ, સામઅને અથર્વ એમચાર વિભાગ પાડ્યા છે. તેમાં સ્તુતિ,સૂક્તો,કર્મકાંડ અને યજ્ઞ યાગાદિ સંબંધી ભાગને સંહિતા કહે છે. ઋગ્વેદમાં વિવિધ દેવ દેવીઓની સ્તુતિઓ છે. યજુર્વેદમાં યજ્ઞ–યાગાદિ સંબંધી વિધાનો છે. સામવેદમાં મંત્રગાનને લગતી પિંગળશાસ્ત્ર સંબંધી માહિતી છે. અને અથર્વવેદમાં મારણ, મોહન, ઊચ્ચાટન, વશીકરણ,વગેરે તાંત્રિક વિધિ વિધાનો છે. સંહિતાઓમાં કર્મકાંડ અને સ્તુતિઓનુ બાહુલ્ય છે.

વેદના ઉત્તરાર્ધ અર્થાત્‌ જ્ઞાનકાંડને ઉપનિષદ્‌ કહે છે. ઉપનિષદ્‌માં જીવ, જગત અને જગદીશ્વરના સ્વરુપ સંબંધી તાત્વિક ચર્ચા જોવા મળે છે. ઉપનિષદોની સંખ્યા અંગે વિદ્વાનોમાં મતભેદ છે. પરંતુ તેમાં ઇશ, કેન, કઠ, પ્રશ્ન , મુંડક, માંડુક્ય, ઐતરેય, તૈતિરીય, બૃહદારણ્યક અને છાંદોગ્ય પ્રાયઃ સર્વમાન્ય છે. ઉપનિષદ શબ્દનો અર્થ જ(ઉપ+નિ+ષદ્‌) " ઇશ્વરનુ નિકટનુ સાનિધ્ય" એવો થાય છે. ઉપનિષદ જ્ઞાનચર્ચા દ્વારા આત્મા–પરમાત્માનુ યથાર્થસ્વરુપ ઓળખાવે છે.અને સાધનાનો સાચો રાહ ચીંધે છે.

જીવપ્રાણીમાત્ર, આલોક–પરલોકમાં પરમસુખીયા થાય તેવા આદર્શોન્મુખ જીવનના માર્ગદર્શક સિદ્ધાંતોથી ઉપનિષદ્‌ સાહિત્ય સમૃદ્ધ છે. ઉપનિષદના આ સમૃદ્ધ વિચાર વારસાની સહજાનંદ સ્વામીએ વચનામૃતમાં લોકભોગ્ય સ્વરુપે ઉદારતાથી લહાણી કરી છે. "વચનામૃતમ્‌"ને ઉપનિષદ્‌નુ મહાભાષ્ય પણ કહી શકાય. શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરાવાણી રૂપ "વચનામૃતમ" ને સમજવા માટે ઉપનિષદ્‌ના મૂળભૂત સિદ્ધાંતો જાણવા જરૂરી છે. ઉપનિષદનુ જ્ઞાન સહજાનંદ સ્વામીના સર્વજીવહિતાવહના સિદ્ધાંતોનુ પ્રેરક અને પોષક છે. તેથી વેદના આ જ્ઞાનકાંડરૂપ ઉપનિષદના ચિંતનનુ યથામતિ યથાશક્તિ આચમન કરવું જોઇએ.

## ઇશાવાસ્યોપનિષદ્‌

ઇશાવાસ્યોપનિષદ ઉપર જેટલુ ચિંતન અને લેખન થયુ તેટલું ભાગ્યે જ અન્ય ઉપનિષદ ઉપર જોવા મળશે. ઇશોપનિષદ"ગાગરમાં સાગર" ની ઉક્તિને સાર્થક કરે છે. તેમાં વ્યવહારમાં આધ્યાત્મિકતાને વણી લેવામાં આવી છે. અર્થાત્‌ વ્યવહાર કરતા ઇશ્વરનુ નિકટનુ સાનિધ્ય પ્રાપ્ત થઇ શકે તેવો સરળ રાહ બતાવવામાં આવ્યો છે. તેમાં વર્તમાનજીવન પ્રત્યે ઉપેક્ષા કે ઉદાસીવૃત્તિ નહીં, પણ રચનાત્મક અભિગમજોવા મળે છે. તેમાં પલાયન વાદી નહીં, પણ પરમાર્થવાદી દૃષ્ટિકોણ રજૂ થયો છે. ઇશ્વરને પામવા માટે ઝૂરતા મુમુક્ષુએ કેવી રીતે જીવન જીવવું એ મંત્રદૃષ્ટા ઋષિએ બતાવ્યુ છે.

ઇશાવાસ્યોપનિષદ્‌ ઉપર સંસ્કૃતમાં પ્રમાણભૂત કહી શકાય તેવા ૨૮ ભાષ્યો ઉપલબ્ધ છે. તેમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કૃત ઇશોપનિષદ્‌ ભાષ્યનો પણ સમાવેશ થાય છે. પ્રાયઃ દરેક ધર્મસંપ્રદાયના આચાર્યોએ ઇશોપનિષદ્‌માંથી સ્વમત

પોષક સિદ્ધાંતો તારવવા પ્રયાસ કર્યો છે.

ઇશાવાસ્યોપનિષદ્‌માં કુલ ૧૮ મંત્રો છે. આ મંત્રો સરળ, સ્પષ્ટ,ગેય (ગાઇ શકાય તેવા) અને સારગર્ભિત છે. માત્ર કોઇ એક મંત્રનો જ તલસ્પર્શી વિચાર કરતા વર્ષો વિતિ જાય તેટલુ ઊંડાણ આ મંત્રોમાં છે. એક એક મંત્ર દિવ્ય છે. તેનો પૂર્ણતઃ પાર પામી શકાય તેમનથી. છતા સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સિદ્ધાંતો અને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના ભાષ્યને ધ્યાનમાં રાખીને આપણે દરેક મંત્રમાંથી પ્રસ્ફુરીત થતા જ્ઞાનામૃતનુ યત્કિંચિત આચમન કરવા યત્ન કરીશુ.

મંત્ર :–ईशावास्यमिदं सर्वं यत्किञ्चजगत्यां जगत्।

तेन त्यक्तेन भुञ्जिथा मा गृधः कस्यस्विद्धनम्॥ १

ભાવાર્થ :– આ સૃષ્ટિમાં જે કાંઇ વિધમાન છે. તેમાં ઇશ્વર રહ્યા છે. તેણે(ઇશ્વરે) આપેલા ભોગ ભોગવ.બીજાના ધનની ઇચ્છા કરીશ નહી.

વિવેચનઃ– આ મંત્રમાં ‘ઇશ’ શબ્દ સર્વના નિયંતા અને સર્વોત્કૃષ્ટ ઐશ્વર્યવાન પરબ્રહ્મનો વાચક છે. જડચેતન સર્વના અંતિમનિયામક, સ્વામી પરબ્રહ્મ છે. તેના સંકલ્પથી જ સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય થાય છે. અનાદિકાળથી બદ્ધ જીવાત્માઓ સ્વકૃત (પોતે કરેલા)કર્મબંધનથી છૂટે અને શાશ્વત સુખ મેળવે એવા શુભાશયથી પરમેશ્વર સૃષ્ટીની રચના કરે છે. અને પોતાની અંતર્યામી શક્તિથી સૃષ્ટિમાં રહી તેનુ નિયમન કરે છે. શ્રાંત(કર્મફળ ભોગવીને થાકેલા) જીવોની વિશ્રાંતિ માટે પ્રલય કરે છે.

આમઅનંતકોટી બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનુ કાર્ય ચાલ્યા કરે છે. પરમેશ્વર ત્રિગુણાતીત હોવાથી તેના પર પ્રકૃતિજન્ય વિષમતા અને નિર્દયતારુપ દોષો આવતા નથી. વળી તે દરેક જીવને તેના કર્મ પ્રમાણે ફળ આપે છે. આમ, સૃષ્ટિમાં જોવા મળતી વિસંવાદિતા–વિષમતા માટે જીવ પોતે જ જવાબદાર છે, પરબ્રહ્મ નહીં.

વ્યતિરેક સ્વરુપે પરબ્રહ્મ પરાત્પર પોતાના બ્રહ્મધામમાં હોવા છતા અન્વય (અંતર્યામી) સ્વરુપે જડ–ચેતન– સર્વમાં રહ્યા છે. તેથી માત્ર બ્રહ્મધામસ્થ કે મંદિરમાં રહેલ મૂર્તિમાં જ નહીં, પણ દરેક જીવ પ્રાણીમાત્રમાં બ્રહ્મદૃષ્ટિ અર્થાત્‌ દિવ્યભાવ રાખવો જોઇએ.બધુ જ ઇશ્વરથી વ્યાપ્ત છે.દરેકમાં ઇશ્વર રહ્યા છે.તેથી કોઇ વ્યક્તિ પ્રત્યે દોષદૃષ્ટિ ન રખાય કે કોઇ વસ્તુનો દુરુપયોગ ન કરાય.ઇશ્વર સર્વમાં રહ્યા હોવાથી તે આપણાં દરેક કર્મના સાક્ષી છે.તેથી ઇશ્વરને પ્રસન્ન કરવા જગત પ્રત્યેનુ આપણું વલણ બદલવુ જોઇએ.

અનિષ્ટતત્વ વસ્તુનિષ્ઠ નથી, પરંતુ વ્યક્તિનિષ્ઠ છે. અર્થાત આપણી દૃષ્ટિ બદલે એટલે જગત બદલી ગયેલુ જ છે. વસંતની પૂર બહાર મોસમમાં ઉધાન(બાગ)માં બેસવા છતા વિરહી વ્યક્તિને પાનખર જ દેખાય છે.અને પાનખરમાં બાવળીયાના ઠુંઠા નીચે બેઠા હોય છતા બે પ્રેમીપંખીડાઓને વસંત દેખાય છે.આપણો સૌનો અનુભવ છે કે બાહ્ય પરિસ્થિતિ કરતા આપણી મનોગત સ્થિતિ જીવનમાં મહત્વનો ભાગ ભજવે છે.આપણે આંખ મીંચીએ કે મૂર્તી સામે જઇને ઊભા રહીએ અને ભગવાન દેખાય એ સીમિત દર્શન છે. પરંતુ જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ઇશ્વર દર્શન થાય એ જ યોગસાધનાની, સમજણની પરાકાષ્ઠા છે. એક વખત બ્રહ્મમય દૃષ્ટિ થયા પછી સાધકને જગત સત્યમ્‌ શિવમ્‌ સુંદરમ્‌ લાગે છે. તેથી જ આ મંત્રમાં ઇશ્વર વિશ્વમાં સર્વત્ર રહ્યા હોવાનુ ભારપૂર્વક જણાવ્યુ છે. આવી સ્થિતિ શ્રીમદ્‌ભાગવતમાં ગોપીઓની વર્ણવી છે.અને સત્સંગીજીવન ગ્રંથમાં અન્નકુટ ઉત્સવની લીલાનુ વર્ણન કરતા શતાનંદમુનિએ ગઢપુરવાસી સ્ત્રી ભક્તોની વર્ણવી છે. ગોપીઓને અને ગઢપુરવાસી સ્ત્રીઓને ખુલ્લી આંખે સર્વત્ર ભગવાનના દર્શન થતા હતા. यत्र यत्र मनोयाति तत्र तत्र समाधयः। ઉદ્ધવજી જેવા જ્ઞાની પણ ગોપીઓ આગળ નતમસ્તક બન્યા હતા.

આમ,જગત બદલવા કરતા આપણી દૃષ્ટિ બદલવી એ વધુ મહત્વનુ કામછે.જગતને ભોગ દૃષ્ટિથી જોવાથી જ વિષય વાસના જાગૃત થાય છે. કર્તાભાવ જ બંધનનુ દુઃખનુ કારણ છે. વિશ્વને ભગવદ્‌દૃષ્ટિથી જોવાથી, દૃષ્ટાભાવ રાખવાથી વિકાર વાસના થતી નથી. તેથી જ સહજાનંદ સ્વામી બ્રહ્મમય દૃષ્ટિ રાખી દિવ્યભાવનુ દૃઢીકરણ કરાવવા ‘વચનામૃતમ્‌’ માં કહે છે કે “ આ સંત સર્વે તે નારદ–સનકાદિક જેવા છે. અને સત્સંગી સર્વે તે તો જેવા ઉદ્ધવ,અક્રુર,વિદુર,સુદામા અને વૃંદાવનના ગોપ જેવા છે અને જે બાઇઓ હરિભક્ત છે. તે તો

જેવી ગોપીઓ તથા દ્રોપદી, કુંતાજી, સીતા, રુકમણી, લક્ષ્મી તથા પાર્વતી જેવી છે." (ગ.પ્ર.પ્ર.૬૩) "ભગવાના ભક્તને ભગવાનનુ સ્વરુપ અક્ષરધામસહિત પૃથ્વી ઉપર છે એમસમજવું." (ગ.પ્ર.પ્ર.૭૧)

વિશ્વના તમામજીવ–પ્રાણીમાત્ર પ્રત્યે દિવ્યભાવ રાખવાથી આપણી અધમમનોવૃતિઓનુ ઉર્ધ્વીકરણ થાય છે. અને પાપકર્મજન્ય મલિન સંસ્કારો નાશ પામે છે.

સદાચારથી પુણ્ય(સુખ) અને દુરાચારથી પાપ(દુ:ખ) મળશે જ એવી ખાતરી મળે તો જ વ્યક્તિ દુરાચાર કરતો અટકે અને સદાચારમાં પ્રવૃત્ત થાય. પરબ્રહ્મ સૃષ્ટિમાં અંતર્યામીરુપે રહ્યા છે અને તે કર્મફલપ્રદાતા છે. તે દરેક જીવને તેના કર્માનુસાર ફળ આપે છે. નૈતિક વ્યવસ્થા ટકાવી રાખવા "દરેક કર્મનો દૃષ્ટા અને ફલપ્રદાતા કોઇક છે." એવી દઢ પ્રતીતિ થાય એ જરુરી છે. આવી પ્રતીતિ "પરબ્રહ્મથી સકળ વિશ્વ વ્યાપ્ત છે." એવું માનવાથી થઇ શકે.

આમ,ઇશ્વર સર્વવ્યાપી હોવાની વાત કોઇ સામાન્ય બાબત નથી. આ વાતના પાયા ઉપર જ વિશ્વની નીતિવ્યવસ્થાની રચના થઇ છે અને તે ટકી રહી છે. દરેક કર્મમાં તેના કર્તાની અનુવૃત્તિ હોય એ સ્વાભાવિક છે.

સૃષ્ટિ રચના નિરર્થક–નિષ્પ્રયોજન નથી, પરંતુ સપ્રયોજન છે. તેમાં જે કાંઇ ભોગ પદાર્થો ઉપલબ્ધ છે તે ઇશ્વરે સર્જ્યા છે. તેથી " આ મે કર્યુ, આ મારૂ છે " એવા અહંમમત્વનો ત્યાગ કરીને ભગવદ પ્રસન્નતાર્થે કર્મો કરવા જોઇએ. અહંકારથી પ્રેરિત કર્મ સારૂ હોય કે ખરાબ અંતે બંધન અને પતનનુ કારણ બને છે. નિષ્કામભાવે કર્મ કરવાથી જ કર્મબંધનથી છૂટી શકાય છે. કર્મબંધનથી છૂટવા માટે નિષ્કામકર્મએ ગુરુચાવી છે. પરંતુ નિષ્કામકર્મયોગનુ પાલન કરવા પળેપળે ઇશ્વરનુ સાનિધ્ય અનુભવાય એ જરૂરી છે. આવુ સાનિધ્ય ઇશ્વરને સર્વવ્યાપી માનવાથી જ અનુભવી શકાય છે. તેથી જ ઉપનિષદના મંત્રદૃષ્ટા ઋષિએ પહેલા મંત્રમાં "ઇશ્વરથી સઘળુ વ્યાપ્ત છે." એવું કહીને ટૂંકમા ઘણું બધુ કહી દીધું છે.

ક્રમશઃ

# આયુર્વેદિક સરળ ઉપચાર

એલર્જી

# રોગોની ઘરગથ્થુ સારવાર

- મહેન્દ્ર બી. દવે, માંડવી

હપ્તો - ૨, લેખ નં. ૮૧

**કબજિયાત :** બે ચમચી વરિયાળીનું ચૂર્ણ રાતે સૂતી વખતે પાણી કે દૂધ સાથે નિયમિત લેવાથી જૂની કબજિયાત મટે છે. એરડી હરડે ચૂર્ણ સારી ફાર્મસીનું લાવી રાતે સૂતી વખતે બે ચમચી લેવું.

**તાવ :** તાવ અનેક કારણોથી આવી શકે છે. નીચે મુજબ ઉપચાર ચાલુ કરવો. સૌથી પ્રથમ એકાદ -બે દિવસના ઉપવાસ કરવા ત્રણ ચમચી ધાણા પાવડર સાથે અરધી ચમચી સૂંઠ ભેળી કરી દિવસમાં બે વખત પાણી સાથે. તાવમાં તરત રાહત થશે. મોટી દ્રાક્ષ ૧૦ નંગ દૂધમાં ઉકાળી લેવાથી પેટ સાફ થાય છે. જેથી બીજી વાર તાવ આવતો નથી. ગળો ચૂર્ણ બે-બે ચમચી દિવસમાં બે વખત એક અઠવાડિયા સુધી લેવાથી તાવ ઠીક થઈ જાય છે. કયો તાવ છે તેની જો જાણકારી ન હોય તો કરિયાતુ પાવડર અને સુંઠ સરખા ભાગે લઈને ડબી ભરી રાખવી અને તેમાંથી ત્રણ ચમચી અરધા ગ્લાસ પાણીમાં બરાબર ઉકાળી દિવસમાં ત્રણ વખત ખાલી પેટે આપવું અને ખોરકામાં માત્ર મગનું પાણી બેથી ત્રણ દિવસમાં તાવ હલકો પડી જશે. આમ તાવ તદન ઉતરી ગયા પછી સૂદર્શન ચૂર્ણ દરરોજ સવારે એક ચમચી પાણી સાથે લાંબો સમય લેવું. જેથી જુનો થઈ હાડકામાં પેસી ગયેલો તાવ તદન સારો થઈ જશે. સુદર્શન ચૂર્ણ કાયમ અરધી ચમચી લેવામાં જરા પણ વાંધો નથી.

**પેટનો દુઃખાવો :** પેટના દુખાવાના અનેક કારણ હોઈ શકે છે. પણ જ્યાં સુધી વેદ કે ડોકટરને બતાવીએ નહીં ત્યાં સુધી તાત્કાલિક લાભ માટે દિવસમાં ત્રણેક વખત અડધા ગ્લાસ પાણીમાં થોડી વરિયાળી ઉકાળી પીવાથી આરામ થાય છે. એક ચમચી અજમો સવાર-સાંજ બરાબર ચાવી માથે ગરમ પાણી પીવાથી અને વાટેલા અજમાનો લેપ પેટ પર લગાડવાથી આરામ થાય છે.

**સ્થૂળતા જાડાઈ :** સ્થૂળતા, મેદવૃદ્ધિ, જાડાઈ અનેક રોગનું કારણ બની શકે છે. આ માટે નિયમિત યોગાભ્યાસ જરૂરી છે. આ માટે ખાનપાન સાદું જરૂરી, મીષ્ટાન તેમજ તળેલી વસ્તુઓ અને ભારે ખોરાક ન લેવો. અને નીચેનો પ્રયોગ ચાલુ કરવો. બે ગ્લાસ ગરમ પાણીમાં દોઢ ચમચો (મોટો ચમચો લેવો.) લીમડાની ગળોનું ચૂર્ણ (સારી ફાર્મસીનું લેવું) અરધો ગ્લાસ બાકી રહે ત્યાં સુધી ઉકાળવું સતત ત્રણ માસ સુધી સવાર-સાંજ ખાલી પેટે આ પ્રમાણે ઉકાળો પીવો. જેથી મેદવૃદ્ધિ અટકે છે. અને કોઈ જાતની નબળાઈ આવતી નથી ઉપરાંત વ્યાયામ તેમજ ચાલવું જરૂરી છે.

**દમ (અસ્થમા) :** કહેવત છે કે દમ, પ્રાણ દમ (શ્વાસ)ના સાથે જ જાય છે. માટે શ્વાસની તકલીફ શરૂ થાય કે તત્કાળ સારવાર જરૂરી છે. કાચા નાળિયેરમાંથી ઉપરની એક કાણું પાડી પાણી કાઢી લેવું. અને એ કાણામાંથી અર્કક્ષીર (આંકડાના પાનનું દૂધ) ભરવાનું પછી ઉપર કંતાનનું જાડું કપડું લપેટી તેના પર માટીનો લેપ કરવો પછી છાણાં બાળીને આ નાળિયેર તેમાં રાખીને બાળવુ. જયારે ઉપરનું પડ સારી રીતે બળી જાય ત્યારે અંદરથી બધો ગર્ભ કાઢી ચૂર્ણ તૈયાર કરવું. અને પા ચમચીની માત્રામાં સવાર-સાંજ ગરમ પાણીથી ૨૧ દિવસ લેવાથી દમનું દર્દ મટે છે. ધુમ્રપાન, દારુ, તેમજ અન્ય વ્યસન કાયમ માટે છોડવું.

(હવે પછી સ્વાસ્થ્ય અને સૌંદર્યવર્ધક ટમેટા)

# સંસ્થા સમાચાર

**ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.**

## કથા સપ્તાહ પારાયણ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઇરોબીના તા.૨૯-૧૦-૨૦૧૨ આસો સુદ પૂનમ સોમવારના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે નાઇરોબી મંદિર તરફથી ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે કથા સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

તા.૨૩-૧૦-૨૦૧૨ આસો સુદ-૯ મંગળવાર થી તા.૨૯-૧૦-૨૦૧૨ આસો સુદ ૧૫ સોમવાર સુધી યોજવામાં આવેલ. કથા સપ્તાહમાં પુરાણી સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજીએ સ.ગુ.સ્વામી શતાનંદમુનિ રચિત ''સત્સંગીજીવન''ની કથાનું રસમય અને ભક્તિ પ્રેરક શ્રવણ કરાવ્યું. વક્તા સ્વામીજીએ ઉત્તેજના રહિત સૌમ્ય ગંભીર વાણીમાં કથા શાસ્ત્રનાં બાલ ઘનશ્યામનાં ચરિત્રો, શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં આપેલ જીવન અને આચરણલક્ષી બોધપ્રેરક આજ્ઞાઓ આદિક વિગતો ગંભીરપણે રજુ કરી શ્રોતા સમુદાયને રાજી કર્યો.

વક્તા સ્વામીશ્રીની અવેજીમાં પુરાણી સ્વામી આનંદસ્વરૂપદાસજીએ રસમય વાણીમાં કથા શ્રવણ કરાવ્યું. તથા પુરાણી સ્વામી બ્રહ્મમુનિદાસજીએ તીર્થ તથા તીર્થયાત્રા અંગે વિસ્તૃત સમજણ આપી. કથાના દરરોજના યજમાન હરિભક્તો નીચે મુજબ રહ્યાં.

**દિવસ-૧ :** (૧) હીરજી સામજી વેકરીયા પરિવાર, બળદીયા (૨) કેસરા સામજી વેકરીયા, બળદીયા (૩) ધનજી નારાણ રાઘવાણી પરિવાર, બળદીયા (૪) વાલજી કરસન રાબડીયા પરિવાર, બળદીયા (૫) હરીશ ગોવિંદ મેઘાણી પરિવાર, માધાપર.

**દિવસ-૨ :** (૧) કેસરા વાલજી જેસાણી પરિવાર, બળદીયા (૨) વાલજી કરસન હીરાણી પરિવાર, બળદીયા (૩) જેઠાભાઇ નાથા હીરાણી, સુત દેવસી તથા કરસન, બળદીયા (૪) કરસન કાનજી વાલાણી સુત કેસરાભાઇ, બળદીયા (૫) અ.નિ.લાલજી હરજી રાબડીયા, સુત ધનજી, કેરા (૬) અ.નિ.હીરજી કરસન હીરાણી પરિવાર, સુત અરવિંદ, બળદીયા.

**દિવસ-૩ :** (૧) કુરજી લાલજી ગોરસીયા પરિવાર, દહીંસરા (૨) અરજણ કરસન કેરાઇ પરિવાર, નારણપર (૩) વિશ્રામ મુરજી હીરાણી પરિવાર, સુરજપર (૪) દેવસી રત્ના હીરાણી પરિવાર, માનકુવા (૫) અ.નિ. રામજી નારાણ કેરાઇ તથા અ.નિ.ધ.પ.રામબાઇ પરિવાર, સુત હરજીભાઇ, સાં.યો. સામબાઇ રામજી, પુરબાઇ જાદવા સેંઘાણી.

**દિવસ-૪ :** (૧) અ.નિ.પ.ભ.મેઘજી સામજી પોચાણી, ધ.પ.ગં.સ્વ.રતનબેન પરિવાર, દહીંસરા (૨) ધનજી દેવજી ડાબરીયા પરિવાર, ગોડપર (૩) અ.નિ.માવજીભાઇ દેવજી હિરાણી પરિવાર, સુત લાલજી, સુરજપુર (૪) ખીમજી ભીમજી શીયાણી પરિવાર, મીરઝાપર (૫) નારાણ વિશ્રામ હાલાઇ પરિવાર, સુત કુંવરજીભાઇ, નારણપર.

**દિવસ-૫ :** (૧) અ.નિ.પ.ભ.પ્રેમજી સામજી પાંચાણી પરિવાર હ.રતનબેન, દહિંસરા (૨) પ્રેમજી માવજી હીરાણી પરિવાર, સુત રાજેશ, કોડકી (૩) દેવજી કુંવરજી ભુવા (સેવક) પરિવાર, સુત ખીમનજી, કેરા (૪) પ્રેમજી મેઘજી વેકરીયા પરિવાર સુત પરબત, સુત નારણ તથા પ્રિયાબેન, બળદીયા (૫) અ.નિ. શિવજી માવજી ગોડરીયા પરિવાર, સુત પ્રેમજી, કોડકી.

**દિવસ-૬ :** (૧) અ.નિ.પ.ભ.મેઘજી સામજી પાંચાણી પરિવાર હ.રતનબેન, દહીંસરા (૨) હરજી કાનજી રાબડીયા પરિવાર સુત કલ્યાણ, વાડાસર (૩) મનજી આંણદા કેરાઇ પરિવાર, સુત નારણભાઇ તથા કુરજીભાઇ, બળદીયા (૪) રામજી સામજી

હીરાણી પરિવાર, સુત મનજીભાઇ, રામપર (૫) રવજી લાલજી ગોરસીયા પરિવાર, સુત નારણ, માધાપર

**દિવસ-૭ :** નાઇરોબી મંદિર પરિવાર

કથા સમાપ્તિ પ્રસંગે મંદિરના શાસ્ત્રી મહેશ મહારાજે યજમાન હરિભક્તો દ્વારા કથા સમાપ્તિની પૂજન વિધિ પોથી પૂજન વક્તા સ્વામીજીનું પૂજન તથા આરતીના કાર્યક્રમો પૂર્ણ કર્યા હતાં.

સભાપતિ શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નૈરોબી તથા ભુજ મંદિરમાં રાખવામાં આવેલ તથા પારાયણ પ્રસંગની સંપૂર્ણ માહિતી સાથે નૈરોબી મંદિર સંબંધી વિગતો આપી. ઉપરાંત થાણા, પાર્લા તથા ઇન્દોર વગેરે સત્સંગ સમાજમાં જેમ સત્સંગ કેન્દ્રો ચાલે છે તેમ કચ્છમાં પણ મંદિર તથા વડીલ સંતોના સહયોગથી સત્સંગ કેન્દ્ર ચલાવવા સંબંધ રજુઆત કરી.

પ.હ. કરસનભાઇ ઝીણા જેસાણી (બળદીયા)એ નાઇરોબી મંદિરના વિકાસનો વિસ્તૃત ઇતિહાસ-જમીન ખરીદી, ભૂમિપૂજનથી માંડીને આજ પર્યંતનો વિકાસ, હરિભક્તોની દિલાવરી, ભુજ મંદિર અને અ.નિ.મહંત સ.ગુ.સ્વામી ધર્મજીવનદાસજી તથા અ.નિ.મહંત સ.ગુ.સ્વામી હરિસ્વરૂપદાસજી આદિ વડીલ સંતોની પ્રેરણા અને માર્ગદર્શનની વિગતો જણાવી હતી.

ભુજ મંદિરના કોઠારી રવજીભાઇ ભુડીયાએ ઉદ્‌બોધન કરતાં નાઇરોબી મંદિરનો ભુજ મંદિર સાથેનો સહયોગ તથા વર્તમાન શિક્ષણ અને વિજ્ઞાન સાથે તાલમેલ રાખી કરવામાં આવતી પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. સાથે સાથે ગામદેવી વિશ્રાંતિ ભુવનમાં સિંહ ફાળાની ખાસ યાદ આપી હતી.

સ.ગુ.સ્વામી શ્રીહરિદાસજીએ ભક્તિભાવના સાથે આધ્યાત્મિક વિકાસની ચર્ચા કરી આશિર્વાદ આપ્યા હતા. સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ હરિભક્તોના સત્સંગની પ્રશંસા કરતાં જણાવ્યું કે નૈરોબીના હરિભક્તોએ સત્સંગની સેવા કરવામાં પાછીપાની કરી નથી અને કરોડો રૂપીયા આપ્યા છે. સંતોની એ ફરજ બની રહે છે કે હરિભક્તોને માર્ગદર્શન આપવું, તેમને સાચવવા અને તેમના જીવનું રૂડું થાય તેમ કરવું. સ્વામી શ્રીએ ભક્તવર્ગને આશિર્વાદ આપી ભક્તિમય રહેવા જણાવ્યું.

પ.પૂ.સ.ગુ.મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજીએ આશિર્વાદાત્મક સમાપન પ્રવચનમાં જણાવ્યું કે સત્સંગનો દેશ-વિદેશમાં વિસ્તાર થયો છે તે હરિભક્તોની નિષ્ઠાને આભારી છે. આફ્રિકા, યુ.કે., ઓસ્ટ્રેલિયા તમામ દેશોમાં વિસ્તાર અને વિકાસ ત્યાગ અને નિષ્ઠાનું પરિણામ છે. આ સાથે સૌને શુભ આશિર્વાદ આપ્યા હતા.

સભાપતિ શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજીએ ઉપસ્થિત હરિભક્તોનો આભાર માની સૌને ભોજન પ્રસાદ લેવા વિનંતી કરી તે પછી નરનારાયણદેવના જયકાર સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

## ત્રણ દિવસની કથાપારાયણ


ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ગામ નારણપરના અ.નિ. પ.હ.ભ. રવજી હરજી ગાજપરીયા તથા દેવબાઇ રવજીના મોક્ષાર્થે ત્રણ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું.

પુ.સ્વા. શ્રી રંગદાસજીએ વ્યાસ ગાદીએ બિરાજમાન થઈ શ્રી ઘનશ્યામ લીલામૃતની કથાનું શ્રવણ કરાવ્યું. સ્વામીશ્રીએ બાલ ઘનશ્યામ મહારાજના દિવ્ય ચરિત્રો ભાવપૂર્વક રસમય શૈલીમાં રજુ કરી સૌને ભકિતભાવનો આનંદ આપ્યો.

સમાપ્તિ પ્રસંગે પુ.સ્વા. પુરુષોત્તમ સ્વરૂપદાસજીએ કથા પ્રસંગની વિગતો રજુ કરી તે પછી પ.પૂ. સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીને હસ્તે યજમાન પરિવારને પહેરામણી ભેટ આપી સન્માન કરવામાં આવ્યું. તથા યજમાનશ્રી તરફથી સંબંધીજનોને પહેરામણી ભેટ આપવામાં આવી.

સ.ગુ. સ્વા. શ્રીહરિદાસજીએ ઉદ્‌બોધન કરી યજમાન પરિવારના ભકિતભાવની તથા તેમણે કહેલી સત્સંગ સેવાને બિરદાવી. ત્યારપછી મંદિરના શાસ્ત્રી મહારાજ મહેશભાઇએ યજમાન પરિવાર દ્વારા કથા સમાપ્તિનું પૂજન વ્યાસપૂજન તથા આરતી વગેરે વિધિ પૂર્ણ કરાવ્યો. પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

# દિવાળી - અન્નકૂટ મહોત્સવ



વિક્રમ સંવત્સરની સમાપ્તિની છડી પોકારતો આસોમાસ દીવડાઓનો ભભકભર્યો ઝગમગાટ અને તહેવારોની લહાણી સાથે વીતેલા વર્ષમાં કરેલી ભકિતનું સરવૈયું કાઢનાર માટે ભકિતનું લહાણ લઈને આવે છે. માસની શરૂઆત દીવડાઓનો ઝગમગાટ અને સમાપ્તિ દિવાળીના દીવડાઓનો ઝગમગાટ !

આપણાં મંદિરોમાં દિવાળીના તહેવારો પરંપરાથી શ્રીજી મહારાજે ઓપ આપી કરેલા પરિવર્તન મુજબની રસમથી દર વર્ષે ઉજવવામાં આવે છે. સંવત ૨૦૬૮ના આસો માસના દિવાળી મહોત્સવના તહેવારો ભવ્ય રીતે ઉજવવામાં આવ્યા.

આસોમાસના કૃષ્ણપક્ષની બારસ, રવિવાર ધનતેરસની પૂર્વ સંધ્યા સુધીમાં મંદિરને ચારેબાજુથી વાળી ઝૂડી, ધોઈધાઈને સ્વચ્છ કરવામાં આવ્યું. ધનતેરસના દિવસે ઠાકોરજીના અલંકારોને પદ્ધતિ પ્રમાણે ધોઈ ચમકદાર બનાવવામાં આવ્યા. વિશેષમાં મંદિરના પરિસરમાં ચારે તરફ શિખરો સહિત સર્વત્ર રોશનીના ઝળહળાટથી છાઈ દેવામાં આવ્યું.

આસોવદ ૧૩ સોમવારે કાળીચૌદશનો હનુમાન દાદાની ભકિતનો તહેવાર હોઈ દાદાને તેલસિંદુર અને નૂતન વાઘાથી શણગારવામાં આવ્યા. સંધ્યા કાળે પૂજન આરતીનો કાર્યક્રમ સંપન્ન થયો. હરિભકતોએ ભકિતભાવથી દર્શનનો લાભ લઈ દાદાને રાજી કર્યા.

આસો વદ ૧૪ (અમાવાસ) મંગળવારે શ્રી રામચંદ્ર ભગવાનના લંકાવિજયની ધાર્મિક ઐતિહાસિક યાદ આપતા દીપોત્સવી ના તહેવારની સવારથી જ ચહલપહલ અનેરી રહી. સૌએ મંગળા આરતીના દર્શન અને તે પછી પૂજારી મંડળે શોભાયમાન વાઘા અને સુવર્ણના હાર આદિક અલંકારોથી શણગારેલા ઠાકોરજીના દર્શનનો આહ્લાદ માણ્યો હતો.

બપોર પછી ઢળતા પ્રહરે શુભ મુહૂર્તે ચોપડા પૂજન દ્વારા મહાલક્ષ્મી (નાણું) મહાકાળી (રૂશનાઈ) અને મહા સરસ્વતી (કલમ સહિત ચોપડા)નું પૂજન મંદિરના સભામંડપમાં કરવામાં આવ્યું. પૂજનવિધિમાં પ.પૂ. સ.ગુ. મહંત પુ. સ્વા. ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વા. પ્રેમપ્રકાશદાસજી, પ.પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિક વડીલ સંતો તથા મંદિરના મુખ્ય હિસાબનીશ રાજેશભાઈ દવે વગેરે સહભાગી રહ્યા. વેપારી હરિભકત ભાઈઓએ પણ આ સાથે પોતાના ધંધા કારોબારના ચોપડાનું પૂજન કરાવી લાભ લીધો.

પૂજનવિધિ વેદોકત શાસ્ત્રોનુસાર મંદિરના શાસ્ત્રીજી મહારાજ ગુલાબશંકરભાઈએ કરાવ્યો.

કારતક સુદ ૧ બુધવારે સં. ૨૦૬૮ની વિદાય સાથે સં. ૨૦૬૯ના કોથી નામના સંવતસરની શરૂઆત થઈ. આ દિવસે નૂતન વર્ષ અને અન્નકૂટના બેવડા ઉત્સવનો આનંદ અનુભવ્યો.

સવારની કથા સમાપ્તિ થતાં સભા મંડપમાં ઉપસ્થિત સંતો હરિભકતોની સભા નૂતન વર્ષની મેળાવડા સમી બની. સંતો તથા હરિભકતો પ.પૂ. મહંત સ્વામીને ગુરુભાવે દંડવત્ કરી પરસ્પર હેતના હિસાબો સાથે બાથ ભરીને મળ્યા. પ.પૂ. મહંત સ્વામીએ સૌને આશિર્વાદ આપ્યા. આ રીતે સૌએ નવા વર્ષને વધાવી લીધું.

સમય થતાં પ.પૂ. મહંત સ્વામીએ પૂજારી મંડળે સંતો તથા સેવાભાવી હરિભકતોના સહયોગથી ઠાકોરજી સમક્ષ ગોઠવેલા છપ્પન ભોગના આકર્ષક અન્નકૂટની આરતી ઉતારી. ઉપસ્થિત હરિભકતનો આરતી તથા અન્નકૂટનાં દર્શન કરી પ્રસન્ન થયા.

# દિપાવલી-વિશેષ કાર્યક્રમ



દીપોત્સવી તહેવારોના ઉત્સવમાં તા. ૧૩-૧૧-૧૨ બુધવારની ઢળતી સાંજે ૫-૩૦ના સમયે સત્સંગ કથા દીપોત્સવી નામને સાર્થક કરતા દીવડાઓનું પ્રાગટ્ય અને આતશબાજીનો ભવ્ય આકર્ષક અને ભકિત સાથે મનોરંજન આપનારો કાર્યક્રમની વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હરિભકતોએ મજા માણી.

પ.પૂ. સુ.ગુ. મહંત પુ.સ્વા. ધર્મનંદનજીના પ્રમુખસ્થાને ઉજવવામાં આવેલ. આ ઉત્સવનું યજમાન પદ ગામ નારણપર નીચલાવાસના પ.ભ. નારણભાઈ શિવજી વેકરીયાએ લીધું હતું.

મંદિરના પૂર્વ વિભાગના ખુલ્લા પરિસરમાં ઉપસ્થિત પ.પૂ.મહંત સ્વામી સ.ગુ. સ્વા. પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતો પ.પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત, હરિભક્તો ભાઈઓ, સાં.યો.બાઈઓ તથા કર્મયોગી બહેનોના સમુદાયને સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ સત્સંગ કથાનું રસપાન કરાવી સૌને તૃપ્ત કર્યા.

ત્યાર પછી પ.પૂ. મહંત સ્વામી, ભકિતભીનું પ્રેરક ઉદ્‌બોધન કરી દિવાળીની રોશનીના તેજને સર્વેને આપેલા આશીર્વાદથી વિશેષ પ્રકાશિત કર્યું.

પ્રવચનો પછીના દોરમાં યુવાન સંતો તથા યુવક હરિભકતોએ ૨૫૦૦૦ દીવડા પ્રગટાવવાની કરેલી શરૂઆતનું તાલીઓના ગડગડાટથી સ્વાગત કરવામાં આવ્યું.

સાં.યો. મહંત સામબાઈના માર્ગદર્શન હેઠળ બાઈઓએ પૂરેલી વિવિધ ભાતની વિવિધ રંગી રંગોળી ઝગમગતા ૨૫૦૦૦ દીવડાઓએ આપેલો ઓપે રમણીય નઝારો રજુ કર્યો.

પછીના આતશબાજીના મનોરંજક કાર્યક્રમે આકાશનો કબજો લઈ લીધો. ભ્રષ્ટાચારના ત્રિપુરાસુરનો નાશ કરવા જાણે રોકેટો ઉપર રોકેટનો મારો ચલાવ્યો. રોકેટોમાંથી વેરાતી રંગબેરંગી તણખાઓ જોતાં આશ્ચર્ય મુગ્ધ નયનો નભોમંડળ ઉપર સ્થિત થઈ રહ્યાં.

આ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો અને પ્રેક્ષકોના હૃદય સ્મૃતિની ભેટ ધરતો ગયો.

અહેવાલ : ઓ. વ્યાસ



શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજમાં પ્રબોધિની એકાદશીના દિવસે બાઈઓ તથા ભાઈઓના મંદિરમાં થયેલ મહાપુજાની તસ્વીર



શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજમાં ઉજવાયેલ તુલસી વિવાહની તસ્વીર

# સત્સંગ સમાચાર

## ત્રિદિનાત્મક સત્સંગ શિબિર-પીયાવા માંડવી



શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં બિરાજમાન શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજ તથા શ્રી ઘનશ્યામમહારાજની પૂર્ણકૃપાથી તથા પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી યુવાનોમાં સત્સંગનું જ્ઞાન વૃધ્ધિ પામે એમાટે માંડવી પીયાવામાં ત્રિદિનાત્મક સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માંડવી મંદિરના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી તથા સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા. શાસ્ત્રી સ્વામી નારાયણમુની દાસજી તથા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશ દાસજીએ પ્રવચન આપી યુવાનોને આનંદીત કર્યા હતા. પુરાણી સ્વામી પરમપંસ દાસજીએ મનાવ જીવન જીવવાની સીખ આપી હતી તથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરુપ દાસજીએ લય ચુક્યાતો પ્રહલય એ વિષય પર સારી સમજણ યુવાનોને આપી હતી. વિષેશમાં કે.બી.પી.(કોન બનેગા પુણ્યશાળી) ગેમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જે ગેમ સ્વામી દેવચરણદાસજી તથા સંતસ્વરુપદાસજીએ રમાડી આનંદીત કર્યા હતા, મંત્ર જાપનું પુન્ય પ્રાપ્ત કરનાર પુણ્યશાળી યુવાનોને વડીલ સંતો દ્વારા ચેક તથા મેડલ આપી સન્માનીત કર્યા હતા. આ કાર્યક્રમનો કાર્યભાર સંતોના માર્ગદર્શન હેઠળ સ્વામી પૂર્ણપ્રકાશ દાસજી આદી યુવાન સંતો તથા પીયાવા યુવક મંડળના પ્રમુખ કલ્યાણ વિશ્રામ ગાજપરીયા આદી યુવક મંડળના સભ્યોએ ઉપાડીયો હતો. છેલ્લે રાત્રીયે ભવ્ય મહાઆરતી રાખવામાં આવી હતી.

અહેવાલ :- કલ્યાણ ગાજપરિયા

## સત્સંગ પ્રવાસ : કોડકી

તા. ૨૮-૧૦-૧૨ રવિવારના કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ કોડકી દ્વારા ધીણોધર ડુંગર મધ્યે એક દિવસીય સત્સંગ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા પુ. સ્વામી ભકતવત્સલદાસજી સ્વામીની સાથે મંદિરની કમિટિ તેમજ યુવક મંડળના ૧૨૫ યુવાનો જોડાયા હતા. સવારે પ્રયાણ કરી ધીણોધર ડુંગરે પહોંચી યુવાનોએ ડુંગરની શોભા તેમજ કુદરતની નિરાળી સૃષ્ટિની મજા માણી હતી. બપોરે ભગવાનનો પવિત્ર પ્રસાદરૂપી ભોજન કરી અને ત્યારબાદ ૩ વાગ્યે સત્સંગ સભા કરવામાં આવી જેમાં સ્વામી ભકતવત્સલદાસજીએ સાચું સુખ એક ભગવાનની મૂર્તિમાં છે. એવી ઘણી બધી સત્સંગની વાતો કરી ત્યારબાદ સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજીએ પોતાની આગવી શૈલીમાં સૌ યુવાનોને મજા આવે એવી સત્સંગનો લાભ આપ્યો હતો અને યુવાનો પણ મુકતમને સભાનો આનંદ ઉઠાવ્યો હતો. તેમજ સત્સંગ પ્રશ્નોત્તરી પણ રાખવામાં આવેલ. જયશ્રી સ્વામિનારાયણ.

અહેવાલ : યુવક મંડળ સભ્ય શ્રી નારણ રવજી હાલાઈ, કોડકી

# સત્સંગ પ્રચારાર્થે સંતોની તીર્થયાત્રા

ભવસાગરની ભવાટવીમાં ભટકતા અનંત જીવાત્માઓના આત્યંતિક કલ્યાણ માટે ભરતખંડની ભાગ્યવતી ભૂમિમાં ભગવાન અને ભગવાનના એકાંતિક સંતો-ભકતો સતત વિચરણ કરતા જ રહે છે.

સ.ગુ.પુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી સ.ગુ. કેશવપ્રસાદદાસજીના મંડળના સંતો પૈકી પુ. સ્વામી માધવપ્રસાદદાસજી, સ્વામી કૃષ્ણચરણદાસજી, સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી શૌનકમુનિ દાસજી, સ્વામી વ્યાસસ્વરૂપદાસજી તથા સાથી હરિભકતોએ તા. ૨૨-૭-૨૦૧૨ના રોજ ભુજ શ્રી નરનારાયણ દેવનાં દર્શન કરી તીર્થયાત્રાનો પ્રારંભ કર્યો. તેઓ અમરનાથ, કુરુક્ષેત્ર, ગોકુળ, અયોધ્યા આદિ તીર્થસ્થાનોની યાત્રા કરતા થકા ભગવાન સ્વામિનારાયણની પ્રાગટયભૂમિ છપૈયા પધાર્યા. ત્યાં બાળપ્રભુ શ્રી ઘનશ્યામના અદ્‌ભુત ચરિત્રોની ત્રિદિવસીય પારાયણ કરી. ત્યાંથી નેપાળમાં મુકિતનાગ આદિ તીર્થોમાં બિરાજમાન પરમાત્માના વિધ-વિધ સ્વરૂપોનાં દર્શન કરી રાંચી (ઝારખંડ)માં હરિભકતોને કથા-વાર્તાનો લાભ આપી ધનબાદમાં શ્રી વાસુદેવમાહાત્મ્ય ગ્રંથની પંચાહ્ન પારાયણ કરી ભકત સમુદાયને કથા-ભાગીરથીમાં તરબોળ કર્યા હતા. ત્યાંથી આગળ વધતાં ઓરિસ્સાના કટક શહેરમાં ત્રિદિવસીય પરચા પ્રકરણની કથાનો લાભ આપી હરિભકતોને રાજી કર્યા હતા.

આ રીતે ભારતભરમાં વ્યવસાયાર્થે નિવાસ કરી રહેલા કચ્છના ભકતોને સત્સંગનો લાભ આપતા થકા બરાબર ત્રણ મહિને કર્ણાટકના બેંગ્લોર શહેરમાં પધાર્યા. ત્યાં મૂળ કચ્છના વાગડ વિસ્તારના ઘણા હરિભકતો નિવાસ કરીને રહે છે. બેંગ્લોરમાં ભુજ મંદિરના સંતોએ માસિક સત્સંગ સભા ચાલુ કરેલી છે. આ સભામાં મૈસુરમાં રહીને સંસ્કૃતનો અભ્યાસ કરતા ભુજ મંદિરના સંતો પધારી શ્રીમદ્‌ભાગવતની કથાનું રસપાન કરાવે છે. ભારતવર્ષની યાત્રા કરતા સંતો જયારે બેંગ્લોર પધાર્યા ત્યો નવરાત્રાં ચાલતાં હતાં. આ વખતની માસિક સભામાં બહોળા પ્રમાણમાં હરિભકતોએ સત્સંગનો લાભ લીધો હતો.

પછી બેંગ્લોરથી નીકળીને મૈસુરમાં દશેરાના મોટા ઉત્સવનાં દર્શન કરી, કિકેરીમાં પ.ભ. ચંદુભાઈ સાંખલાને ઘેર ઠાકોરજીના થાળ કરીને હાસનમાં મૂળ દયાપરના પ.ભ. ધનજી લાલજી ગોગારીના સુપુત્રો મણીલાલભાઈ તથા અમૃતભાઈને ઘેર મહાપૂજા કરી, બે દિવસ સત્સંગનો દિવ્ય લાભ આપીને ધર્મસ્થલા, શૃંગેરી થઈને સિધ્ધાપુર પધાર્યા.

આ રીતે ભારતમાં ઠેર-ઠેર સત્સંગનો લાભ આપી ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્ય સિદ્ધાંતો સમજાવતા સંતોનું સત્સંગ સંવર્ધન અર્થે આગામી ત્રણ માસ સુધી અવિરત વિચરણ રહેશે.

અહેવાલ : શા. સ્વામી શુકદેવસ્વરૂપદાસજી

## સાંગલી આદિ નગરોમાં સંતમંડળ દ્વારા સત્સંગ

ભુજ મંદિરેથી સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના મંડળના સ.ગુ. પુ.સ્વા. માધવપ્રસાદદાસજી, પુ.સ્વા. કૃષ્ણચરણદાસજી, પુ.સ્વા. શુકદેવ સ્વરૂપદાસજી, પુ.સ્વા. ઘનશ્યામજીવનદાસજી, પુ.સ્વા. શૌનકમુનિદાસજી, પુ.સ્વા. વ્યાસસ્વરૂપદાસજી, આદિ સંતો યાત્રા પ્રસાદ દરમ્યાન સાંગલી તથા કોલ્હાપુર, ઈચલકરંજી, ઈસ્લામપુર, મિરજ આષ્ટા વગેરે નગરોમાં હરિભકતોને દર્શન આપી સત્સંગનો લાભ આપ્યો હતો. દરેક નગરમાં સંતો હરિભકતોનાં મિલન યોજાયાં હરિભકતોએ સંતોને સન્માન્યા હતા. સંતોએ સત્સંગની વાતો સાથે બળ અને નિષ્ઠાનું માહાત્મ્ય સમજાવી નિયમ, નિશ્ચય અને પક્ષમાં અડગ રહેવા બોધ આપ્યો હતો.

અહેવાલ : નાનજી ધનજી ઠક્કર

# શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા - સુખપર દશાબ્દી મહોત્સવ



સંસ્કૃત અને સંસ્કૃતિનું જતન કરવા માટે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજના તત્કાલિન મહંત અ.નિ. સદ્ગુરૂશ્રી હરિસ્વરૂપદાસજીની પ્રેરણા અને આશીર્વાદથી સુખપર મધ્યે શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળાની સ્થાપના કરવામાં આવી. તેના દશાબ્દી મહોત્સવ નિમિતે તા. ૧૬-૧૦-૨૦૧૨ થી તા. ૨૩-૧૦-૨૦૧૨ સુધી ભવ્ય મહોત્સવ ઉજવવાનું આયોજન કરવામાં આવેલ તેમાં તા. ૧૬-૧૦-૨૦૧૨ના રોજ સાંજે મદનપુર સ્વામિનારાયણ મંદિરેથી કથા સ્થળ સુધી પોથીયાત્રાનું ભવ્ય આયોજન થયું.

કથાનો પ્રારંભ તા. ૧૭ તારીખના રોજ સવારે ભુજ સ્વામિનારાયણ મંદિરના સદ્ગુરુ મહંત સ્વામી ધર્મનંદનદાસજીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવેલો અને તેમણે રૂડા આશિર્વાદ પાઠવ્યા ત્યાર પછી વકતા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણવિહારીદાસજીએ તેમની આગવી અને રસપ્રદ શૈલીમાં કથાઅમૃતનું પાન કરાવી શ્રોતા તથા હરિભકતોને તૃપ્ત કર્યા હતા. કથા દરમ્યાન સંગીતજ્ઞ સ્વામી અક્ષરમુકતદાજી તથા નીલકંઠસ્વરૂપદાસજીએ સંગીત પીરસીને સૌને મંત્ર મુગ્ધ કર્યા હતા. સભાનું સુંદર સંચાલન પુરાણી સ્વામીશ્રી નીલકંઠચરણદાસજીએ કર્યુ હતું. કથા દરમ્યાન ભુજ મંદિરના વર્તમાન મહંત પુરાણી સ્વામીશ્રી ધર્મનંદનદાસજી કોઠારી શ્રી જાદવજીભકત સ્વામી શ્રી નિરન્નમુકતદાસજી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી દેવકૃષ્ણદાસજી આદી વડીલ સંતો અને અન્ય સંતવૃદ પધારીને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સંસ્થાના અધ્યક્ષ માનનીય મુરબ્બીશ્રી પુજય ગુલાબશંકર ગોર આ મહોત્સવના માર્ગદર્શક રહ્યા હતા.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ મહોત્સવના મુખ્ય યજમાન શ્રી શીવજી રત્ના પાધરા પરીવાર રહ્યો હતો. ત્રિદિવસીય મહાવિષ્ણુયાગના મુખ્ય યજમાન પદે લાલજીભાઈ કલ્યાણ શીવાણી (માનકુવા) પરીવાર રહ્યો હતો. મહાવિષ્ણુયાગનો પ્રારંભ પાઠશાળાનાં પ્રાંગણમાં સ્વામી કેશવપ્રસાદદાસજી, કૃષ્ણપ્રસાદદાસજી અને વિદ્વાન પંડીતોની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો. તા. ૨૦-૧૦-૨૦૧૨ના રોજ સાંજે મહોત્સવમાં ભવ્ય કૃષ્ણજન્મોત્સવ ઉજવાયો હતો. તેના યજમાન સુખપર ગામનાં સરપંચ માવજીભાઈ રાબડીયા રહ્યા હતા. એ દિવસે રાત્રે જીતુભાઈ દ્વારકાવાળાનો હાસ્યપ્રોગ્રામ યોજાયો હતો. ૨૧ તારીખે પાઠશાળાના ૨૭ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર કરાવાયો હતો. તે જ દિવસે બપોરે ધર્મધુરંધર આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદમહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. શોભાયાત્રામાં ચોવિસીનાં હરિભકતોએ પોતાના હર્ષોલ્લાસની સાથે ભજન-કિર્તન તથા

સ્વામિનારાયણની ધુનની અભિવ્યકિત કરી હતી. તે દિવસે રાત્રે પાઠશાળાના વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. ૨૨ તારીખના રોજ મહોત્સવમાં આચાર્ય મહારાજે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને સંસ્કૃત પાઠશાળાના વિદ્યાલય તથા ગૌશાળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું એવં મહા વિષ્ણુયાગનું શ્રીફળ હોમીને પુર્ણાહુતી આચાર્ય મહારાજના હસ્તે થઈ હતી. મહોત્સવ દરમ્યાન અ.નિ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજીની સ્મૃતિમાં ગામમાં એક નાકુ બનાવવું અને માર્ગને હરિમાર્ગ નામકરણ કરવું. દાતા શીવજી રત્ના પાધરા, કમલેશ પ્રેમચંદ સંઘવી, માવજી ધનજી રાબડીયા, કાનજી દેવજી મેપાણી, ધનજી હરજી ભુવા રહ્યા હતા. અને ગૌશાળાના દાતાશ્રી ભીમજી પ્રેમજી રાબડીયા રહ્યા હતા.

આ ઉત્સવ દરમ્યાન અનેક હરિભકતોએ ઉદાર હાથે સેવાનો લાભ લીધો હતો. આ મહોત્સવને સફળ બનાવવા માટે શીવજી રત્ના પાધરા મંત્રી કરસનભાઈ ટ્રસ્ટી કેશવજીભાઈ પ્રેમજીભાઈ, જનકભાઈ, પ્રવીણભાઈ, દિનેશભાઈ આદિ તથા સંસ્થાના માર્ગદર્શક અને સફળ આચાર્ય શ્રી દુર્ગેશભાઈ ભટ્ટ તથા તેમના સહાયક શિક્ષકોથી અભયભાઈ રાવલ, દિનેશભાઈ, વિનાયકભાઈ, દિવ્યાંગભાઈ, રૂપેશભાઈ, શ્યામભાઈ, મહેશભાઈ આદિ મળીને જહેમત ઉઠાવી હતી.

આવી રીતે રૂડા મહોત્સવની પૂર્ણાહુતિ થઈ હતી.

અહેવાલ : દુર્ગેશભાઈ ભટ્ટ, જનકભાઈ ભટ્ટ

---

# વેકરા મધ્યે શ્રી મદ્ ભાગવત પંચાહ્ન પારાયણ



તા.૨૨-૧૦-૨૦૧૨ થી તા.૨૬-૧૦-૨૦૧૨ સુધી વેકરા ગામમાં શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવેલ. જેમાં અમદાવાદથી પ.પૂ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી પધારી દર્શન તથા આશીર્વાદ પાઠવ્યા હતા. ભુજ મંદિરના મહંત સ્વામી તથા વડીલ સંતો પધારી યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા. ભવ્ય શોભાયાત્રામાં ૨૪ ગામની મંડળી તથા બેન્ડ પાર્ટીવાળા ભક્તો જોડાયા હતા.

કથાના યજમાન ભક્તો પ.ભ. દેવજીભાઇ તથા જમાઇ વાલજીભાઇ તથા પ્રેમજીભાઇ તથા મુરજીભાઇ આદિ મહારાજશ્રી તથા સંતોને આવકાર્યા હતા. તા.૨૪ના રાત્રે બન્ને મંદિરમાં ઠાકોરથાળીનો ઉત્સવ રાખેલ હતો. તા.૨૫ના રાત્રે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ૫ ગામના યુવાનોની રાત્રીય સભા રાખવામાં આવેલ જેમાં શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી પ્રવક્તા રહ્યા હતા.

૫ દિવસ કથાનું રસપાન પુ.સ્વામી ભકતવત્સલદાસજી તથા પુ.સ્વામી શ્યામકૃષ્ણદાસજી તથા શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી કરાવ્યું હતું. સભાનું સંચાલન પુ.સ્વામી પુરૂષોત્તમસ્વરૂપદાસજી સંભાળ્યું હતું. ૫ દિવસ સાંખ્યયોગી બહેનો દરેક ગામમાંથી પધાર્યા હતા. વેકરા ગામના ભક્તોને યજમાન શ્રી દેવજીભાઇ ધ.પ.પ્રેમબાઇ આસાણી તરફથી ૫ દિવસ મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો.

ભગવાન શ્રી નરનારાયણદેવની કૃપાથી અને સંતોના આશીર્વાદથી આ ઉત્સવ ધામધૂમથી ઉજવાઇ ગયો.

અહેવાલ : મુરજીભાઇ ગોવિંદ આસાણી

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન – ભુજનો સૌરાષ્ટ્ર પ્રવાસ

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન - ભુજ ધો.૧૦-૧૧-૧૨ના વિદ્યાર્થીઓનો તા.૧૩-૧૦-૨૦૧૨ થી તા.૧૭-૧૦-૨૦૧૨ સુધી ચાર દિવસનો ધાર્મિક તેમજ શૈક્ષણિક પ્રવાસ વિદ્યાર્થી ભવનના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી તેમજ સંગીતકાર સ્વામી અક્ષરમુક્તદાસજી તથા ટ્રસ્ટી મંડળની સંમતિથી યોજવામાં આવ્યો. આ પ્રવાસમાં ધો.૧૦-૧૧-૧૨ના વિદ્યાર્થીઓ ઉપરાંત સ્વામી અક્ષરમુક્તદાસજી, શાસ્ત્રી ઉત્તમચરણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી તથા ગૃહપતિ ચંદુભાઇ, ભરતભાઇ, સુરેશભાઇ, શિક્ષક શ્રી મનનભાઇ સામેલ હતા.

તા.૧૩-૧૦-૨૦૧૨ના રાત્રે સ્વામિનારાયણ ભગવાનના જયકાર સાથે રવાના થઇ વહેલી સવારે દ્વારકા પહોંચ્યા. ત્યાં બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના દર્શન કરી. દ્વારિકાધીશનાં મંદિરે ગયા ત્યાં દ્વારિકાધીશ મંદિરમાં ઊંચુંશિખર તેના ઉપર વિશાળ ધજાનાં દર્શન કરી દ્વારિકાધીશ ભગવાન શ્રી કૃષ્ણનાં દર્શન કરી. ઓખા બંદરે ગયા. ત્યાં હોડીમાં બેટ દ્વારકા ગયા. ત્યાં ભગવાન શ્રી કૃષ્ણની ૫૦૦૦ વર્ષ જૂની મૂર્તિનાં દર્શન કરી પોરબંદર પહોંચ્યા. ત્યાં સુદામા પુરી તેમજ ત્યાં રહેલી વિશાળ સંસ્કૃત પાઠશાળાની મુલાકાત લીધી. સાંજે લોએજ પહોંચ્યાં ત્યાં મંદિરમાં તપોમૂર્તિ નીલકંઠવર્ણીનાં દર્શન કરી ધન્યતા અનુભવી. રાત્રે ભોજન લઇ સવારે લોજની પ્રસાદીની વાવ તથા પ્રદર્શન નિહાળી હૃદયમાં શાન્તિ થઇ. ત્યાંથી સોમનાથ ગયા. ત્યાં ભાલકાતિર્થ પહોંચ્યા. કે જ્યાં પારાધીએ શ્રી કૃષ્ણ ભગવાનને બાણ માર્યું હતું અને શ્રી કૃષ્ણ ભગવાન સ્વધામ સિધાવ્યા હતાં અને મોક્ષ પીપળાના દર્શન કરી સમુદ્રતટ પર સ્થિત ભગવાન શિવનું બાર જ્યોર્તિલિંગમાંના એક જ્યોર્તિલિંગનાં દર્શન કર્યાં. ત્યાં કાળા પાણીનો સમુદ્ર જોયો અહીં બપોરનું ભોજન લઇ દિવ ટાપુ પહોંચ્યા. દિવ ટાપુમાં દરિયાઇ મોજાં માણયાં. ત્યાં સમુદ્રતટ પર રહેલ પોર્ટુગીઝોનો કિલ્લો જોઇ તુલશીશ્યામ પહોંચ્યા. સવારે ત્યાં આવેલ ગરમ પાણીના કુંડમાં સ્નાન કર્યું. ભગવાન શ્યામનાં દર્શન કરી ડુંગર ઉપર રહેલા રૂકમણીજીના દર્શન કર્યાં. અહિંથી રવાના થઇ સતાધાર થઇ. જુનાગઢ પહોંચ્યા. ત્યાં રહેલ ભવનાથ તળેટી પહોંચ્યા. ભવનાથ મહાદેવનાં દર્શન કરી દામોદર કુંડ અને ત્યાં રહેલી ગુફાનાં દર્શન કરી સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યાં ત્યાં શ્રીહરિએ સ્વહસ્તે પધરાવેલ શ્રી રાધારમણદેવ તેમજ સિધ્ધેશ્વર મહાદેવનાં દર્શન કર્યા. રાત્રિ ભોજન કરી ત્યાં જ રાત્રિ રોકાણ કરી વહેલી સવારે રાજકોટ થી વીરપૂર થઇ ચોટીલાથી ભૂજ પધાર્યા.

અહેવાલ : વિદ્યાર્થી ચાવડા સંજય

---

# શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ જીલ્લા કક્ષાએ અવ્વલ

યુવા રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ આયોજિત સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ અન્ડર-૧૭ ખો-ખો સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં તૃતીય નંબર મેળવેલ છે. રાષ્ટ્રીય કક્ષાએ હીરાણી રીના કાનજી, વરસાણી જેશીકા ઘનશ્યામ અને હીરાણી નિશા કલ્યાણ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

રાજ્ય કક્ષાની અમદાવાદ ખાતે અન્ડર-૧૯ યોગાસન સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાં સાતમો ક્રમ પ્રાપ્ત કરી સંસ્થાની વિદ્યાર્થીની પટેલ જીંકલ મંગલભાઇ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામેલ છે.

સિધ્ધિ હાંસલ કરેલ આ તમામ વિદ્યાર્થીનીઓને શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂ.મહંત સ્વામી, વડીલ સંતો, ટ્રસ્ટીઓ, સંસ્થાના ટ્રસ્ટીઓ, તેમજ શાળાના આચાર્યશ્રી તથા સ્ટાફગણે સંસ્થાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના

# યુવાનો માટે ત્રિદિનાત્મક સત્સંગ શિબિર – પીયાવા માંડવી

શ્રી હરિ કૃપા તથા સંતોના આશીર્વાદથી યુવાનોમાં સત્સંગનું જ્ઞાન વૃદ્ધિ પામે એ માટે માંડવી પીયાવામાં ત્રિદિનાત્મક સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માંડવી મંદિરના મહંત સ.ગુ.સ્વામી ભગવદ્જીવનદાસજી તથા સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા. શાસ્ત્રી સ્વામી નાાયણમુનિદાસજી તથા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ પ્રવચન આપી યુવાનોને આનંદિત કર્યા હતા. પુરાણી સ્વામી પરમહંસદાસજીએ માનવ જીવન જીવવાની શીખ આપી હતી તથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ લય ચુક્યાતો પ્રલય એ વિષય પર સારી સમજણ યુવાનોને આપી હતી. વિશેષમાં કે.બી.પી. (કોન બનેગા પુણ્યશાળી) ગેમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જે ગેમ સ્વામી દેવચરણદાસજી તથા સંતસ્વરૂપદાસજીએ રમાડી આનંદિત કર્યા હતા. મંત્ર જાપનું પુન્ય પ્રાપ્ત કરનાર પુણ્યશાળી યુવાનોને વડીલ સંતો દ્વારા ચેક તથા મેડલ આપી સન્માનીત કર્યા હતા. આ કાર્યક્રમનો કાયૃભાર સંતોના માર્ગદર્શન હેઠળ સ્વામી પૂર્ણપ્રકાશદાસજી આદિ યુવાન સંતો તથા પીયાવા યુવક મંડળના પ્રમુખ કલ્યાણ વિશ્રામ ગાજપરીયા આદિ યુવક મંડળના સભ્યોએ ઉપાડયો હતો. છેલ્લે રાત્રીયે ભવ્ય મહાઆરતી રાખવામાં આવી હતી.

અહેવાલ : કલ્યાણ ગાજપરિયા

---

# રઘુવંશીનગર હરિમંદિરમાં ધુન,શરદપૂનમ કાર્યક્રમો

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપા તથા સંતોના આશીર્વાદથી રાવલવાડી રીલોકેશન રઘુવંશી નગર મધ્યે આવેલ શ્રી નરનારાયણ દેવ તાબા હેઠળના હરિ મંદિરમાં તમામ ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. જે પૈકી હાલમાં જ શ્રાદ્ધ નિમિત્તે પિતૃમોક્ષાર્થે ૧૬ દિવસ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધુન દરરોજ સાંજે ૫ થી ૬ એક કલાક રાખેલ જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ લાભ લીધેલ અને સત્સંગ કરેલ તથા હાલમાં શરદપૂર્ણિમાના શુભ દિવસે રાસોત્સવનો ભવ્ય કાર્યક્રમ સાંજે ૪ થી ૬ દરમ્યાન યોજેલ. જેમાં બહોળી સંખ્યામાં સાંખ્યયોગી તથા કર્મયોગી બહેનોએ ભાગ લઈ આ સત્સંગ કાર્યક્રમને દીપાવ્યો હતો.

આ મંદિરમાં થતા તમામ ઉત્સવોને દીપાવામાં પુજારી શ્રી રવજીભાઈ શીયાણી તેમજ તેમના ધર્મપત્ની અમરબાઈ શીયાણી તથા સ્થાનિકમાં સત્સંગીબહેનો ઈન્દુબેન ઠક્કર, આશાબેન ગોર, શારદાબેન જોષી, નીરુબેન ઠક્કર વગેરેએ જહેમત ઉઠાવે છ. જેથી સત્સંગમાં દિન પ્રતિ દિન સત્સંગનો ચડતો રંગ જોવા મળે છે અને ભગવાન તથા સંતો મારફતે આવાને આવા આશીર્વાદ મળતાં રહે એ જ સત્સંગીઓની અભિલાષા.

અહેવાલ : પ્રફુલ ઠક્કર


**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**

# વિદેશ સમાચાર

## : હાર્દિક નિમંત્રણ :

## સીડની ઓસ્ટ્રેલીયામાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા નિલકંઠ મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની ઓસ્ટ્રેલીયાની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા નિલકંઠ મહોત્સવ મંગળવાર તા. ૧૫-૧-૨૦૧૩ થી રવિવાર તા. ૨૦-૧-૨૦૧૩ આયોજીત કરેલ છે, જેનો પ્રોગ્રામ આ પ્રમાણે છે.

- મંગળવાર તા. ૧૫-૧-૨૦૧૩ના સાંજે ૫ વાગ્યે પોથીયાત્રા
- બુધવાર તા. ૧૬-૧-૨૦૧૩ના સવારના ૮ વાગ્યે કથા શુભ પ્રારંભ, સાંજે ૮ વાગ્યે બાઈઓનો સાંસ્કૃતિક પ્રોગ્રામ.
- ગુરૂવાર તા. ૧૭-૧-૨૦૧૩ના સાંજે ૮ વાગ્યે રાસ ઉત્સવ.
- શુક્રવાર તા. ૧૮-૧-૨૦૧૩ના સવારના ૬:૩૦ વાગ્યે મહાવિષ્ણુયાગ પ્રારંભ, ૧૧ વાગ્યે મહાવિષ્ણુયાગ પૂર્ણાહુતિ, શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા, શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક અને અન્નકુટ દર્શન, સાંજે ૮ વાગ્યે ભાઈઓનો સાંસ્કૃતિક પ્રોગ્રામ.
- શનિવાર તા. ૧૯-૧-૨૦૧૩ના સવારના ૧૧ વાગ્યે રાજ ઉપચાર (ફુલ અભિષેક), બપોરે ૪ વાગ્યે શ્રી સ્વામિનારાયણ ભગવાન, પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રા, સાંજે ૮ વાગ્યે ભકિત-સંગીત પ્રોગ્રામ.
- રવિવાર તા. ૨૦-૧-૨૦૧૩ના બપોરે કથાની મહોત્સવની સમાપ્તિ, સંજે મહોત્સવમાં સેવામાં રહેલા હરિભકતોની આભાર વિધી.
- રવિવાર તા. ૨૭-૧-૨૦૧૩ના મૂર્તિ પ્રતિષ્ઠાના ઉત્સવમાં સ્થાઈ હરિભકતો સેવામાં હોવાને કારણે ઉત્સવમાં અમૂલ્ય લાભ ન લઈ શકયા હોય તે નિમિત્તે પૂજ્ય મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી કેશવપ્રસાદદાસજીની આજ્ઞા અને આર્શીવાદથી સવારના ૮ વાગ્યે મહાપૂજાનો આયોજન કરેલ છે જેમાં બાર ગામના હરિભકતો પણ ભાગ લઈ શકશે.

સીડની મંદિરના મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અમદવાદ શ્રી નરનારાયણ દેવ ગાદી પિઠાધીપતિ પ.પુ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, લાલશ્રી વૃજેન્દ્રપ્રસાદજી મહારાજ, પ.પુ. ગાદીવાળાશ્રી તથા શ્રીરાજા ધર્મકુળ સહિત પધારશે અને ભુજ અને અમદાવાદ મંદિરથી સંતો પધારીને આ મહોત્સવને શોભિત બનાવશે.

આ મહોત્સવ પ્રસંગે પધારવા અમો આપ સર્વેને હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

વધારે માહીતી મંદિરની વેબસાઈટ : www.sydneytemple.org પરથી મળશે.

Email : mahotsav@sydneytemple.org
Mobile Contacte.: +61 423 300840

લી. રવીભાઈ શીવજી હાલાઈ

# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબીનો પ૮મો વાર્ષિક પાટોત્સવ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી (ભુજ શ્રી નરનારાયણ દેવ તાબાનું) મંદિરનો પ૮મો વાર્ષિક પાટોત્સવ શરદ પૂનમ તા. ૨૯-૧૦-૧૨ થી તા. ૪-૧૧-૧૨ સુધી ધામધૂમપૂર્વક ઉજવાઈ ગયો. આ પ્રસંગે ભુજ મંદિરના અ.ની. મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજીના મંડળના સંતો સ.ગુ. પુ. સ્વામી અક્ષરવલ્લભદાસજી સંત મંડળ સહિત પધાર્યા હતા. વ્યાસાસનના વકતા શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજી તથા પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજી સવાર અને સાંજ પોતાની આગવી અને રસાળ શૈલીમાં શ્રીમદ્ સત્સંગી જીવનના ત્રીજા પ્રકરણની કથા સંભળાવી હરિભકતોને રાજી કર્યા હતા.

શરદપૂનમના રોજ સવારે ૧૦ના સુમારે હરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. ઠાકોરજીની આગળ અન્નકુટ ધર્યા બાદ સહજાનંદ સ્વામી આદિ મનોહર મૂર્તિઓની પ૮માં વાર્ષિક પાટોત્સવની આરતી ઉતારવામાં આવી હતી. ત્યાર બાદ લેઝીમ અને બેન્ડના સથવારે સંતોની ઉપસ્થિતિમાં અને ભાઈઓ અને બહેનોની વિશાળ સંખ્યાની હાજરીમાં મંદિરના શિખર ઉપર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. સાંજના કથા પ્રસંગ બાદ મંદિરના હોલમાં સંતો સહિત સર્વ હરિભકતો શરદ પૂનમનો રસ રમ્યા હતા. ત્યારબાદ સર્વ હરિભકતોને દુધ પૌંઆનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

તા. ૪-૧૧-૧૨ રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે કથાના વિરામ બાદ આશીર્વચનો થયા હતા તથા ભિન્ન-ભિન્ન સંસ્થાઓના પ્રતિનિધીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનો આપ્યા હતા. આજ રોજ સવારે તેમજ બપોરે મહાપ્રસાદ રૂપી ભોજન સર્વ હરભિકતોને શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર તરફથી પીરસવામાં આવ્યું હતું.

આ મહોત્સવ પ્રસંગે સમગ્ર વર્ષ દરમ્યાન મંદિરમાં નાની મોટી સેવા કરતા નાના મોટા તથા નામી અનામી સર્વ હરિભકતો તેમજ પ્રસાદ બનાવતાં બહેનો હરિભકતોનો હાર્દિક આભાર મંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો. સાથે સાથે આ પ્રસંગે નાની મોટી આર્થિક સેવાનો સહયોગ આપનાર હરિભકતોને પણ મંત્રીશ્રીએ યાદ કર્યા હતા.

આખો મહોત્સવ ખૂબ જ ધામધૂમથી અને પવિત્ર વાતાવરણમાં નિર્વિઘ્નપણે સંતોના સાનિધ્યમાં પરિપૂર્ણ થયો હતો, સંતો અને ભકતો રાજી થયા હતા.

# શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરમાં ઉજવાયેલા દિવાળીના ઉત્સવો



સોમવાર તા. ૧૨-૧૧-૧૦૧૨ના રોજ કાળીચૌદશના દિવસે હનુમાનજીનું પૂજન કરવામાં આવ્યું હતું. મુખ્ય યજમાન તથા સહ યજમાનોએ હનુમાનજીનું પૂજન કર્યા બાદ આરતી ઉતારી હતી.

મંગળવાર તા. ૧૩-૧૧-૨૦૧૨ના સાંજના ૭ વાગ્યે ચોપડા પૂજન બહેનોના મંદિરમાં કરવામાં આવ્યું હતું જે વેપારીઓથી આખું ભરાઈ ગયું હતું અને તે જ સમયે મેદાનમાં ફટાકડાની તૈયારી થઈ



રહી હતી. પૂજન પૂરું થયા બાદ બરાબર રાત્રીના ૮:૩૦ વાગ્યે મ્યુઝીકની સાથે ફટાકડા ફોડવાની શરૂઆત કરવામાં આવી હતી, જેને નિહાળવા હજારોની સંખ્યામાં માનવ મેદની ઉમટી હતી અને તેનો આનંદ માણ્યો હતો. આ દેશના એમ.પી. કાઉન્સીલરો તેમજ આપણા ભુજ મંદિરના સંતોની પણ હાજરી હતી જેમને સર્વે ભકતોને આશીર્વચન પાઠવ્યાં હતાં. આખું ચોગાન ભરચક ભરાઈ ગયું હતું. સાથે સાથે નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

બુધવાર તા. ૧૪-૧૧-૧૨ના નૂતન વર્ષ અને અન્નકૂટોત્સવ ઉજવવામાં આવ્યાં હતાં. જેના ડેકોરેશન અને જુદા જુદા થાળો બનાવવાની તૈયારી એક મહિનાથી સર્વે નાના મોટા ભકતો સાથે મળીને કરી રહ્યાં હતાં. તે દિવસે વહેલી સવારના બે વાગ્યે એક બાજુ રસોડામાં અનેક પ્રકારના તાજા થાળો બનાવવામાં આવ્યાં અને બીજી બાજુ અન્નકૂટ ગોઠવવાની શરૂઆત કરવામાં આવી હતી. સવારના ૬:૩૦ વાગ્યે બધી તૈયારી થઈ ગઈ. ભકતોએ ભાવપૂર્વક મહારાજને થાળ બોલીને જમાડયા અને ૭ વાગ્યે અન્નકૂટની પહેલી આરતી ઉતારી હતી જેમાં ઘણા ભકતોએ લાભ લીધો હતો. ત્યાર બાદ દર પંદર મીનીટે આરતી થતી હતી જેનો હજારો દર્શનાર્થીઓએ આરતી ઉતારવાનો લાભ લીધો હતો. સવારના ૯ વાગ્યાથી રાત્રીના ૮ વાગ્યા સુધી સર્વેને મહાપ્રસાદ પીરસવામાં આવ્યો હતો. છેલ્લી આરતી ૮ વાગ્યે કરી હતી અને ત્યાર બાદ અન્નકૂટ સમાપ્તિની આરતી કરવામાં આવી હતી.

અહેવાલ : ઉ.મંત્રીશ્રી હરિભાઈ હાલાઈ

# શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર – બોલ્ટન

શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા મહંત સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતો, જાદવજીભગતના આશીર્વાદથી આપણા બોલ્ટન મંદિરમાં દિવાળી, અન્નકુટ ઉત્સવ ધામધૂમથી ઉજવાયેલ. અન્નકુટની પહેલી આરતી સૌથી ઊંચો આંક આપીને ગામ દહીસરાના હીરજીભાઈ મનજી જાદવા સહકુટુંબ પરિવાર સાથે મળીને ઉતારવામાં આવેલ, તેમજ બીજી આરતીનો આંક પ.ભ. ગામ દહીસરાના લક્ષ્મીબેન કાન્તી લીંબાણી સહપરિવાર, હાઉસ ઓફ રાજા, બોલ્ટન તરફથી, તેમજ વિનોદભાઈ મનજી હાલાઈ કુન્દનપુરવારા સહકુટુંબ પરિવારોએ સાથે મળીને લાભ લીધેલ હતો. ત્યાર બાદ સૌ હરિભક્તો સાથે મળીને ભોજનરૂપી પ્રસાદ મંદિર તરફથી આપવામાં આવેલ તે લીધેલ હતો.

## જાહેર આમંત્રણ

જય શ્રી સ્વામિનારાયણ સાથે જણાવવાનું કે આજથી ૪૦ વરસ પહેલા યુ.કે.માં સૌ પ્રથમ આપણા બોલ્ટન મંદિરની સ્થાપના કરવામાં આવેલ. તેથી આવતે વરસે તા.૨-૯-૨૦૧૩ થી તા.૮-૯-૨૦૧૩ સુધી આપણા બોલ્ટન મંદિરમાં ૪૦મો પાટોઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે, તેમજ આ પ્રસંગે આપણા આચાર્ય મહારાજશ્રી પ. પૂ. ધ. ધૂ. કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, તેમજ ભુજ મંદિરના મંહત સ્વામી ધર્મનંદનદાસજી આદી સંતો પણ પધારશે.

અહેવાલ : મનજીભાઈ ગાંગજી હાલાઈ - પ્રમુખશ્રી

# દીવાળી તહેવાર : કેન્ટન હેરો



પધાર્યા હતા. ફળ, ફૂલ, મિષ્ટાન, ફરાળી, ફરસાણ, શાક, પાન, વગેરે પકવાનો તૈયાર કરવામાં આવેલ. અને ઠાકોરજીને ધરાવવામાં આવેલ.

ભુજ મંદિરના સંતો સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા પુરાણી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી આજના શુભદિને મંદિરમાં પધાર્યા હતા અને સેવાનો લાભ લીધો હતો.

સવારે મંત્રીશ્રીએ મંદિરની કાર્યવાહક કમીટી તથા ટ્રસ્ટીઓ વતીથી તમામ હરિભક્તોને નૂતન વર્ષના શુભ આશિષ સહિત જય શ્રી સ્વામિનારાયણ પાઠવ્યા હતા. ત્યારબાદ આચાર્ય શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનો આશીર્વાદ પત્ર વાંચી સંભળાવેલ તેમજ ભુજ મંદિરના પૂજ્ય સ.ગુ.મહંત સ્વામીનો આશીર્વાદ પત્ર વાંચી સંભળાવેલ. અને ત્યારબાદ સ.ગુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીએ આશીર્વાદ પાઠવ્યા હતા. અને પ્રમુખ શ્રી વિશ્રામભાઇ વાગજી માયાણીએ પણ શુભેચ્છા પાઠવી હતી.

અન્નકૂટની આરતી પૂજ્ય સંતો અને આજના અન્નકૂટ થાળના યજમાનશ્રીઓ અને દાતાશ્રીઓએ ઉતારી હતી.

ભુજ મંદિરના પૂજ્ય શાન્તિપ્રિયદાસજી સ્વામી, ભકિતવિહારી સ્વામી, પૂજ્ય અદભુતચરણદાસજી સ્વામી તથા પૂજ્ય શ્રીજીનંદનદાસજી તેમજ લોકલ કાઉન્સીલરો અને પોલીસના મેમ્બરો બધા પધારી અને દર્શનનો લાભ લીધેલ.

આજે લગભગ વીસ હજાર ભક્તજનોએ

શનિવાર તા.૧૦-૧૧-૨૦૧૨ના શુભ એકાદશીના દિવસે સાંજે એક કલાકની ધૂન રાખવામાં આવેલ.

તા.૧૨-૧૧-૨૦૧૨ કાળીચૌદશના શ્રી હનુમાન દાદાને શ્રીફળ તથા લાડુ જમાડ્યા હતા. સાંજે ઉત્સવ સમૈયા બાદ યજમાનશ્રી ગામ રામપરના મનજીભાઇ કરસન કેરાઇ તથા ધ.પ.કુંવરબાઇ મનજી કેરાઇ સહપરિવારે શ્રી હનુમાનજીની આરતી ઉતારી હતી.

મંગળવાર તા.૧૩-૧૧-૨૦૧૨ : દિવાળી - શ્રી શારદા પૂજન - શ્રી લક્ષ્મી પૂજન આજના દિવસે હરિભક્તો મોટી સંખ્યામાં દર્શનાર્થે પધાર્યા હતા. સાંજે મંદિરના પૂજારી શ્રી દિનેશ મહારાજે ચોપડા પૂજન વેદોક્ત વિધિ પ્રમાણે કરાવેલ જેમાં વેપારી અનેક હરિભક્તોએ તેમના ચોપડા લઇ અને પૂજનમાં ભાગ લીધેલ.

બુધવાર તા.૧૪-૧૧-૨૦૧૨ : વિક્રમ સંવત ૨૦૬૯ - ગોવર્ધન પૂજન - અન્નકૂટોત્સવ, ભાઇઓ તથા બહેનો તેમજ યુવકો તનતોડ સેવા કરી બે અઠવાડીયાથી પહેલાં જાતજાતના પકવાનો બનાવવાની શરૂઆત કરી હરિભક્તો ઠાકોરજીના થાળ બનાવવા અને સ્વાદિષ્ટ અન્નકૂટ ગોઠવવા માટે

દર્શનનો લાભ લીધો હતો.

આજના યજમાન પદે નીચે મુજબના હરિભક્તોએ સેવા આપેલ.

ગામશ્રી નડીયાદના ખુશ્બુબહેન બ્રહ્મભટ્ટ સહપરિવાર તરફથી શ્રી ઘનશ્યામ મહારાજના વાઘા ભેટ કરેલ.

ગામ શ્રી બળદીયાના પ.ભ.શીવજીભાઇ વીરજી વિશ્રામ વેકરીયા સહપરિવાર શ્રી ઘનશ્યામ મહારાજના સિંહાસનના અન્નકૂટ થાળના યજમાન પદે રહેલ.

ગામ શ્રી બળદીયાના અ.નિ.પ.ભ.મુરજીભાઇ ગોવિંદ મેપાણી હ.પૌત્ર કુમાર ધ્રુવ તથા કુમારી ધ્રુવિકા નારણ મેપાણી ભાઇઓના સિંહાસનના અન્નકૂટ થાળના યજમાન પદે રહેલ.

ગામ શ્રી કોડકીના પ.ભ.અ.નિ.સામજીભાઇ લાલજી ડબાસીયા અ.નિ.રાધાબાઇ સામજી ડબાસીયા હ.વાલજીભાઇ સામજી ડબાસીયા સહ પરિવાર બાઇઓના સિંહાસનના યજમાન પદે રહેલ.

ગામ શ્રી દહિંસરાના પ.ભ. નાનજીભાઇ માવજી જેસાણી તથા ધ.પ.કંકુબહેન તથા સુપુત્ર દેવેન્દ્ર તથા ધ.પ.કાન્તાબેન સહપરિવાર શ્રી ગણેશજી અને શ્રી હનુમાનજી મહારાજના સિંહાસનના યજમાન પદે રહેલ.

અન્નકૂટમાં તમામ શાક, પાન, ફળની સેવા Kingsbury Fruit And Veg.ના માલીક શ્રી હીરજીભાઇ વાલજી હીરાણી તરફથી ભેટ આપવામાં આવેલ. ગામ -રામપર.

ગામ શ્રી બળદીયાના પ.ભ.માવજીભાઇ ધનજી વેકરીયા તરફથી દુધની સેવા આપવામાં આવેલ.

આપ્રમાણે અતિ ધામધૂમથી તહેવારો ઉજવાયેલ.

પ્રમુખ શ્રી : વિશ્રામભાઇ વાઘજી માયાણી, મંત્રીશ્રી : કાનજી મનજી કેરાઇ

# શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઇરોબી, મંદિરમાં તા. ૫-૧૧-૧૨ થી તા. ૧૧-૧૧-૧૨ સુધી શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામ બળદીયાના પ.ભ. ધનજીભાઈ કુરજી મેઘાણી તથા તેમના સુપુત્રો સર્વ શ્રી ગોવિંદભાઈ, પ્રેમજીભાઈ, ગોપાલભાઈ આદિ સહ કુટુંબ પરિવારે પોતાના વડીલ શ્રી કુરજીભાઈ જાદવા મેઘાણી તથા ધનબાઈ ધનજી મેઘાણીના આત્યંતિક કલ્યાણના અર્થે પારાયણના યજમાન પદે રહ્યા હતા. દરરોજ સવાર અને સાંજ પુરાણી સ્વામી નારાયણપ્રિય દાસજી તથા શાસ્ત્રી સ્વામી હરિપ્રસાદદાસજીએ પોતાની આગવી વિદ્વતા ભરી વાણીમાં સુમધુર સ્વરમાં પારાયણનું રસપાન કરાવ્યું હતું. પારાયણનો ચોથો દિવસ તા. ૮-૧૧-૧૨ના સાંજના શ્રી કૃષ્ણ ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવાયો હતો. શનીવાર તા. ૧૦-૧૧-૧૨ના રોજ સાંજના કથાના વિરામ બાદ સંતોએ પોતાના આશીર્વાદ આપ્યા હતા. તથા ત્યારબાદ નાઈરોબી મંદિર તરફથી યજમાન પરિવારને શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું, અને ભુજ મંદિર વતીથી સંતોએ યજમાન પરિવારના સભ્યોને કંઠી પહેરાવી, ભગવાનની મૂર્તિ ભેટ આપી હતી. વિશેષમાં મંત્રીશ્રીએ યજમાન પરિવારનો આભાર માન્યો હતો. રવિવારના રોજ સવારે નાના મોટા સર્વ હરિ ભકતોનો તથા સંતોનો પરિવાર વતીથી સહમંત્રીએ આભાર માન્યો હતો. રવિવારના રોજ બપોરે મહાપ્રસાદ રૂપી ભોજન સર્વ હરીભકતોને યજમાન પરિવાર તરફથી પીરસવામાં આવ્યું હતું. સર્વ હરીભકતો કથામૃતનું પાન કરી ધન્ય થયા હતા.

અહેવાલ : સહમંત્રી - નારણભાઈ ગોરસીયા



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી

## અભિમાન ન કરવું

દેવો અને દાનવો વચ્ચે લડાઇઓ ચાલતી હતી. એમાં ભગવાનની કૃપાથી એવી એક લડાઇમાં દેવો જીતી ગયા. દાનવોએ ખૂબ માર ખાધો અને હારિને ભાગી છુટયા. પોતાની જીત થઇ એટલે દેવો ફૂલાઇ ગયા, કહે અમે કેવા બળીયા છીએ. તેમણે જીતનો જલસો કરવા લાગ્યા. એમાં ભગવાનની કૃપાથી અમે જીત્યા છીએ. એ વાત ભૂલી ગયા, અને વાહ વાહ કરી એક બીજાની પીઠ થાબડવા લાગ્યા.

ભગવાનને થયું કે, દેવો અભિમાની થઇ જશે તો દૈત્યોથી માર ખાસે, એટલે દેવોનું અભિમાન દૂર કરવા એમણે એક યુક્તિ કરી. તેજસ્વી પુરુષનું રુપ લઇ ભગવાન ત્યાં પ્રગટ થયા. દેવો તેમના વિજયના અભિમાનમાં હતા, તેથી ભગવાનને ઓળખી શક્યા નહિ. તેમને થયું આ વળી કોણ અહીં આવ્યો છે?

ઇન્દ્રએ અગ્નિદેવને કહ્યું : આ અજાણ્યો પુરુષ કોણ છે ? તે જાણી આવો. ઇન્દ્રની આજ્ઞાથી અગ્નિદેવ ગયા અને પેલા તેજસ્વી પુરુષની પાસે જઇ રુઆબથી કહે : કોણ છે તું ? તેજસ્વી પુરુષે કહ્યું : તું કોણ છે એ કહેને !

અગ્નિદેવે કહ્યું : " હું અગ્નિદેવ છું. મારું નામ સર્વભુક ! પૃથ્વી પર અને આકાશમાં જે કાંઇ છે તે બધું ખાઇ જાઉં, બધું બાળીને ભસ્મ કરી નાખું. એટલું મારામાં બળ છે."

તેજસ્વી પુરુષે કહ્યું : " વાહ તો લે આ તણખલું બાળી દે." આમ કહી ભગવાને સુકા ઘાસનું તણખલું અગ્નિદેવની સામે રાખ્યું. અગ્નિદેવ તો હસવા લાગ્યા તેને થયું કે, આ પુરુષ સાવ બુધ્ધુ લાગે છે. હું વનનાં વન બાળી નાખનારો, તેને આ તણખલું બાળવાનું કહે છે! તણખલું બાળવા એણે ફૂંક મારી, પણ તણખલું સળગ્યું નહિ. અગ્નિદેવે ફરી ફૂંક મારી, ફરી ફૂંક મારી, પણ તણખલું ન સળગ્યું તે નજ સળગ્યું. તેથી અગ્નિદેવ ભોઠાં પડયાં નાચું માથું કરી એ પાછા વળી ગયા. દેવોએ પૂછયું : "કોણ છે એ ?" અગ્નિદેવે કહ્યું : " હું તેને ઓળખી શક્યો નહિ તેની આગળ મારી શક્તિ પણ ચાલી નહિ."

ઇન્દ્રએ વાયુદેવનું કહ્યું : " તમે જાઓ, અને એ કોણ છે તે જાણી લાવો." વાયુદેવ ત્યાં ગયા, પણ એ કંઇ પુછે એ પહેલાં તેજસ્વી પુરુષે જ એમને પૂછયું : તમે કોણ છો?" ગર્વથી વાયુદેવે કહ્યું : "હું વાયુદેવ છું વાયુદેવ. હું બધેજ વિચરુ છું. હું ધારું તો પૃથ્વી પર અને આકાશમાં જે કંઇ છે તે બધું પલકમાં ઉડાડી દઉં."

તેજસ્વી પુરુષે કહ્યું : " શું કહો છો? આટલું બધું બળ ! તો જરા આ ઘાસનું તણખલું ઉડાડી બતાવો." વાયુદેવને હસવું આવ્યું. તેને થયું કે હું પહાડના પહાડ એક ફૂંક ભેગા ઉડાડી નાખું તેને આ બધ્ધુ શું સમજતો હશે ?

તણખલાંને ઉડાડી મેલવા માટે એણે એક ફૂંક મારી. પણ તણખલું ઉડયું નહિ, એણે ફરી ફૂંક મારી પણ તણખલું જેમનું તેમ જ રહ્યું, વળી જોર કરીને ફૂંક મારી, હાથી ઉભો હોય તો ઉડી જાય એવી ! પણ તણખલું ખસ્યું નહિ. વાયુદેવ પણ ભોઠા પડી ગયા, નીચું માથું કરી પાછા આવ્યા.

ઇન્દ્રએ કહ્યું : "કોણ છે એ?" વાયુદેવે વીલે મોઢે કહ્યું : હું ન ઓળખી શક્યો. તેથી બધા દેવો વિચારમાં પડી ગયા. બધાએ ઇન્દ્રને કહ્યું : "તમે જાઓ અને એ પુરુષ કોણ છે એ જાણી આવો." ઇન્દ્રમાં હવે પહેલાંના જેવો ઘમંડ રહ્યો નહોતો. તે બીતો બીતો તેજસ્વી પુરુષને પાસે ગયો. પણ ત્યાં આવીને જૂએ તો કોઇ મળે નહિ. ઇન્દ્રનો ઘમંડ સાવ ઉતરી ગયો. તેને થયું કે હું આવો મોટો દેવોનો દેવ, અને આ પુરુષ મને મળવા પણ થોભ્યો નહિ. એને મન શું મારી કંઇ કિંમત નથી?

ઇન્દ્ર આમ ચિંતા કરતો હતો, ત્યાં એક દેવી પ્રગટ થયાં. તેણે ઇન્દ્રને કહ્યું : " હે ઇન્દ્ર! તું ચિંતા ન કર." દેવીને જોઇ ઇન્દ્રને આનંદ થયો. તેણે કહ્યું : " હે મા! અહીં એક તેજસ્વી પુરુષ આવેલો હતો તે કોણ હતો ? દેવીએ કહ્યું : "એ ભગવાન હતા. એમના હાથનું તણખલું પણ અગ્નિદેવ બાળી ન શક્યા અને વાયુદેવ ઉડાડી ન શક્યા એ જોયું નહિ? તમે સમજો છો કે દાનવોની સામે અમે જીત્યા તે અમારા બળે કરીને જીત્યા છીએ, પણ તમારામાં તો એક તણખલું બાળવાનું કે ઉડાડવાનું યે બળ નથી. તમે જીત્યા તે તમારા બળે નહિ, પણ ભગવાનના બળે જીત્યા છો, ભગવાનની કૃપાથી જીત્યા છો.માટે પોતાના બળનું અભિમાન ન કરવું" હવે દેવોનું અભિમાન ઉતરી ગયું હતું. તેણે દેવીને હાથ જોડીને કહ્યું : "હે મા! તમારી કૃપાથી અમારું અભિમાન દૂર થઇ ગયું" ભગવાન તમારુ શુભ કરે આશીર્વાદ આપી દેવી અદશ્ય થઇ ગયા. પછી ભગવાનનો યશગાન ગાતા ગાતા દેવોએ વિજય મહોત્સવ પૂરો કર્યો.

બાળ મિત્રો! આ વાર્તા પરથી આપને એ સમજવાનું છે કે પોતાના બળનું અભિમાન ન કરવું. જે કંઇ આપણે કરી શકીએ છીએ તે ભગવાનની કૃપાથી કરી શકીએ છીએ. સર્વકર્તાહર્તા ભગવાન સ્વામિનારાયણ છે. આવો નિશ્ચય રાખવો.

# જ્ઞાનસરિતા

૧. વચનામૃત જયંતિ ક્યારે આવે છે ?
(અ) માગસર સુદ ૪ (બ) માગસર વદ ૪
(ક) માગસર સુદ ૫ (ડ) માગસર સુદ ૬

૨. બાર મહિનાઓમાં ................મહિનોતે હું છું એમ શ્રી કૃષ્ણભગવાને ગીતામાં કહ્યું છે ?
(અ) કાર્તિક (બ) શ્રાવણ
(ક) માગસર (ડ) વૈશાખ

૩. ભગવદ્ ગીતા જયંતિ ક્યારે આવે છે ?
(અ) કાર્તિક સુદ ૧૨ (બ) માગસર સુદ ૧૨
(ક) કાર્તિક સુદ ૧૫ (ડ) માગસર સુદ ૧૫

૪. વચનામૃતની કુલ સંખ્યા કેટલી છે ?
(અ) ૨૧૨ (બ) ૨૭૩
(ક) ૨૭૨ (ડ) ૨૬૬

૫. વચનામૃત કેટલા ગામોના છે ?
(અ) ૯ (બ) ૧૧ (ક) ૮ (ડ) ૧૦

૬. ભગવદ્ ગીતામાં ભક્તિયોગનો અધ્યાય કેટલામો છે ?
(અ)૧૨ (બ) ૧૫ (ક) ૧૧ (ડ) ૧૭

૭. મત્સ્ય અવતારમાં ભગવાને જેની રક્ષા કરી હતી એ રાજાનું નામ શું હતું ?
(અ) પ્રિયવ્રત (બ) સત્યવ્રત
(ક) હરિશ્ચંદ્ર (ડ) દેવવ્રત

૮. હિન્દુ ધર્મનો મુખ્ય ગ્રંથ કયો છે ?
(અ) રામાયણ (બ) ભાગવત
(ક) ગીતા (ડ) મહાભારત

૯. સારણ ગંગા કયા આવેલી છે ?
(અ) ધમડકા (બ) ઇન્દ્રપ્રસ્થ
(ક) કંથકોટ (ડ) હરિદ્વાર

૧૦. વેદ વ્યાસ રચિત પુરાણો કેટલા છે ?
(અ) ૧૭ (બ) ૨૧ (ક) ૧૮ (ડ) ૧૨

જ્ઞાન સરિતામાં જે બાળકોના ૪ થી ૬ મહિના સુધીના સાચા જવાબો આવેલા છે, તે બાળકોના નામો

પાંચાણી મયુરી જગદીશ કેરા – કેરાઇ હેન્સી અરવિંદ કેરા વરસાણી ડીમ્પલ ગોવિંદ કેરા– વાઘજીયાણી મયુરી વાસુદેવ

કેરા–હાલાઇ કૌશલ્યા વિનોદ કેરા–કેરાઇ ધૃતિ કિશોર કેરા

પાંચાણી જેમિની મુકેશ કેરા–જેઠવા દિવ્યાબા હરિશ્ચંદ્ર કેરા

તન્ના વૃંદા પ્રહલાદ ભુજ–તન્ના ધર્મેશ પ્રહલાદ, ભુજ

શ્રી ઘનશ્યામ બલિકા મંડળ નારણપર ની.વ.

હિરાણી મયુરી અરવિંદ માનકુવા–વોરા મનિતા નારણ માનકુવા–હિરાણી આરતિ મુરજી મીરજાપર–વરસાણી દુર્ગા હિતેશ મીરજાપર– વરસીણી શ્રેયા પરેશ મીરજાપર–રાઠોડ દિયાબેન મનોજ મીરજાપર–કેરાઇ ધનલક્ષ્મી લાલજી મીરજાપર

જ્ઞાન સારિતામાં ભાગ લેનારાં બાળકોને જેમ ગત બાલમંચમાં ઇનામ આપમાં આવ્યું હતું તેમ દરેક બાલમંચમાં ઇનામ આપવામાં આવશે માટે તમે ભાગ લ્યો અને તમારા મિત્રોને પ્રેરણા કરો.બાલ મંડળ સંચાલકે આમાં આવતી વાર્તા બાલ સભામાં કરવી, અને જ્ઞાન સરિતામાં ભાગ લેવા પ્રેરણ કરવી.

## સરનામું

નામ.......................................

..........................................

ગામ ...............

તાલુકો................ ઉંમર..............

શાળા............................

ધો......... મો.ન.........................


### -:શબ્દ રચના:-

**વચનામૃત શ્રીજીમહારાજે જે ગામમાં કહેલા છે, એ ગામોના નામ આ કોયડામાં મુકેલા છે તે શોધો.**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| પં | અ | મ | દા | ભુ | જ | રં | ગ | ઢ | તા |
| સ | ગ | ઢ | ડા | ન | લો | ણી | પ | ઢ | દ |
| કા | ર | શ્લા | લી | પુ | યા | દા | ગ | રિ | વા |
| સા | ણ | સ | ડ | રિ | વ | ના | ચા | લ | પં |
| રં | ગ | ન | કા | પ | જુ | જે | ત | ન | ચા |
| ગ | જે | ફ | રે | ણી | ઢ | ડા | જ | વા | લા |
| પુ | ન | રા | પ | ર | વ | સુ | ર | ત | જે |
| ર | ણ | અ | મ | દા | વા | દ | ન | તા | અ |
| ગ | ર | શ્લા | દિ | ન | ગ | પુ | ર | લા | પં |
| વ | ઢ | લી | યા | જે | ત | લ | પુ | ર | ચા |

–: ગત જ્ઞાનસરિતાના જવાબો :–

લક્ષ્મીજી, ઇન્દ્ર, બ્રહ્માનંદ, કાર્તિક, સુદ, ૧૨, કાર્તિક,૧૭૯૮, બધુવાર, આઠ, ઉન્નડખાચર, વિક્રમ



# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૩૨૫/- | દેવશી શિવજી મેપાણી | સુરજપર | ચિ.આયુષ તથા આદર્શના જન્મ દિવસ નિમિત્તે તથા ચાર ધામની યાત્રા સફળતા નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | મિલન મનજી રામજી હિરાણી | સુખપર - જુ.વાસ | ચિ.મિલનના જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | રમેશ મુરજી ભુવા | સુખપર - જુ.વાસ | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | પુરુષોત્તમ શિવજી હિરાણી | મિરઝાપર | નવા મકાનના વાસ્તુ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | દિપેશ લક્ષ્મણ વેકરીયા | બળદીયા- ઉ.વાસ | દિવાળી નિમિત્તે શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૧/- | જિગર અતુલકુમાર લાકડાવાળા | ગોધરા-પંચમહાલ | નવી બુલેટ લીધી તે નિમિત્તે ભેટ |
| ૫૧/- | અતુલકુમાર લાકડાવાળા | ગોધરા-પંચમહાલ | ધૈર્ય (લડુ) હિતેશકુમાર માણેકલાલ પટેલની તિથિ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | અ.નિ.શિવજી વાઘજી પિંડોરીયા હસ્તે પુત્ર પ્રેમજી | માધાપર | ૪ થી પુણ્યતિથિ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | અ.નિ.સુંદરબાઇ શિવજી પિંડોરીયા હસ્તે પ્રેમજીભાઇ | માધાપર | ૨૪મી પુણ્યતિથિ નિમિત્તે ભેટ |
| ૨૦૧/- | પ્રેમજી શિવજી પિંડોરીયા | માધાપર | નવી ફોરવ્હીલર આલ્ટોગાડી ખરીદી તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | રત્ના દેવશી ધનાણી | સુખપર-નવોવાસ | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | અ.નિ.નાનજી રામજી હિરાણી | ભક્તિનગર-માનકુવા | સંતોને રસોઇ આપી તે નિમિત્ત શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | ભરતભાઇ શિવજી ઠક્કર | ભુજ | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૭/- | હેતલ કાનજી વરસાણી | માનકુવા-નવોવાસ | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | અરજણ મનજી વેકરીયા | રામપર-વેકરા | નવી ઈર્ટીગા ગાડી લીધી તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | ઘનશ્યામ ટીમ્બર માર્ટ | રવાપર હાલે બેંગ્લોર | માતૃશ્રી મોંઘીબેન અ.નિ.થતાં તેમના મોક્ષાર્થે હસ્તે સાંખલા કાનજી |
| ૫૦૦/- | કાન્તિલાલ ભીમજી લાલજી વરસાણી | સામત્રા | સંતોને રસોઇ આપી તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | વિશ્રામ મુરજી નાનજી હિરાણી | ભક્તિનગર | શ્રી નરનારાયણ આદિ દેવોના અન્નકૂટ પ્રસંગે ભેટ |
| ૧૫૧/- | શિવજી ધનજી (માસ્તર) પિંડોરીયા | માધાપર | શ્રી નરનારાયણ આદિ દેવોના અન્નકૂટ પ્રસંગે ભેટ |
| ૧૫૧/- | સામબાઇ વિશ્રામ ગામી | માધાપર હાલે કાર્ડીફ | શ્રી નરનારાયણ આદિ દેવોના અન્નકૂટ પ્રસંગે ભેટ |
| ૧૫૧/- | ચંપાબેન જયરાજન મેપાણી | માધાપર હાલે ઇ.લંડન | શ્રી નરનારાયણ આદિ દેવોના અન્નકૂટ પ્રસંગે ભેટ |
| ૨૦૦/- | ભાવિ ધનજી વેકરીયા | નારાણપર ની.વાસ | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | બંસી ધનજી વેકરીયા | નારાણપર ની. વાસ | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૧૧/- | અ.નિ.વિજયકુમાર પ્રવિણચંદ્ર જેઠી હસ્તે કલાવંતીબેન | ભુજ | અ.નિ.વિજય તથા પ્રવિણભાઇના મોક્ષાર્થે શ્રી નરના. દેવને ભેટ |
| ૧૦૦/- | અક્ષય કિશોરભાઇ હંસોરા | ભુજ | નવી બાઇક ખરીદતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | અ.નિ. રામબાઇ નારાણ કાનજી રાબડીયા સરલી હસ્તે પુત્ર શિવજી | હાલે લંડન | તેમના મોક્ષાર્થે ભેટ |
| ૧૦૧/- | રૂપશી ધનજી ખુથીયા | મુંબઇ | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | મહેશ રૂપશી ખુથીયા | મુંબઇ | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | યશેશ રૂપશી ખુથીયા | મુંબઇ | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | કીન જતીન ખુથીયા | મુંબઇ | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | પક્ષ જતીન ખુથીયા | મુંબઇ | શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૦/- | ધ્રુવીબેન કાંતિલાલ પિંડોરીયા | સામત્રા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નથાર્તે ભેટ |
| ૫૦૦/- | ક્રિષ્ના લક્ષ્મણ વેકરીયા | કુંદનપર | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | કાનજીભાઇ માવજીભાઇ પટેલ | અંજાર | નૂતનવર્ષ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | મોતીભાઇ મનજીભાઇ પરમાર | સૂરત | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | ગોવિંદ મુરજી કેરાઇ | સુખપર-જુનોવાસ | પૌત્ર ચિ.ઘનશ્યામ પ્રવિણ કેરાઇ (મોમ્બાસા)ના જન્મ દિવસ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | સુરેશ લાલવી ગજ્જર હસ્તે સરલાબેન | ભુજ | પુત્રી ચિ.દીપાના વેવિશાળ નક્કી થતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | અ.નિ.કરસન હરજી હિરાણી હસ્તે પ્રેમજી કરસન | મેઘપર | પુણ્યતિથિ નિમિત્તે ભેટ |
| ૧૫૧/- | જીગ્નેશભાઇ કરસનદાસભાઇ કોઠારી | પૂના | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦૦/- | શ્રી સહજાનંદ ગુરુકુળ | માનકુવા | શ્રી સહજાનંદ ગુરુકુળનો મંગલ મહોત્સવ નિમિત્તે ભેટ |
| ૧૨૫/- | કિંજલ રવજી રત્ના હાલાઇ | કેરા | શ્રી સ્વામિનારાયણ કન્યા છાત્રાલયમાં જન્મ દિવસની ઉજવણી કરી તે નિમિત્તે ભેટ |
| ૧૨૫/- | રિતીક રવજી રત્ના હાલાઇ | કેરા | જન્મ દિવસ નિમિત્તે ભેટ |
| ૧૨૫/- | રવજી રત્ના હાલાઇ | કેરા હાલે લંડન | નાનાભાઇ નવિનને મેટ્રોલેન બસ ડ્રાઇવીંગની નોકરી મળી તે નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | શ્રી રામ વિજય વે બ્રીજ હસ્તે દેવશી માવજી પિંડોરીયા પરિવાર | માધાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | રંજનીકાંત શંભુલાલ સોની | ભુજ | સુપુત્ર ચિ.પરાગને ત્યાં પુત્ર વ્યોમના જન્મ નિમિત્તે ભેટ |
| ૨૫૧/- | પ્રેમજી હીરજી હાલાઇ | સુરજપર હાલે યુગાન્ડા | સુપુત્ર ચિ.મુકુન્દના જન્મ દિવસ નિમિત્તે ભેટ |
| ૨૦૦/- | દિનેશ માવજી વેકરીયા | માધાપર | પુત્રના જન્મ નિમિત્તે ભેટ |

# અન્નકૂટ દર્શન



આધોઈ



અલ્તુર્કી (ઓમાન)



ફોટડી



કેરા



માધાપર



નરનારાયણ નગર (સુખપર)



યુ.કે. સ્ટેનમોર



નારણપર (ઉપલોવાસ)



ત્રિદિનાત્મક સત્સંગ શિબિર યાત્રામાં
માંડવી પુણ્યશાળી યુવાનોને
મેડલ આપી સન્માનીત કરતા સંતો.



બાલ મંચમાં ભાગ
લઈ રહેલા બાળકો, ભુજ.













(૧) અન્નકૂટની આરતી ઉતારતા મહંત સ્વામી તથા યજમાનશ્રીઓ, ભુજ. (૨-૩-૪) અન્નકૂટની સેવા કરતા મહંત સ્વામી આદિ સર્વે સંતો, ભુજ. (૫) અન્નકૂટની સેવા કરતા સાંખ્યયોગી બહેનો, ભુજ. (૬) શ્રી નરનારાયણદેવ ભોજનાલયમાં રોટલી બનાવવાના મશીનનું ઓપ્નીંગ કરતા મહંત સ્વામી આદિ સંત હરિભક્તો, ભુજ. (૭) દિવાળીના દિવસે ચોપડા પૂજન કરતા ભક્તો, ભુજ. (૮) દિવાળીના દિવસના યજમાનનું સન્માન કરતા મહંત સ્વામી, ભુજ. (૯) દિવડાને પ્રગટાવતા યુવાનો, ભુજ.